શ્રી.

વડોદરા દેશી કેળવણી ખાતા માટે.

કવિતા સંગ્રહ.

ધોરણ પહેલાથી છઠ્ઠા ધોરણ સુધીના.
વિદ્યાર્થીઓ તથા કન્યાઓને ઘણુંજ ઉપયોગી
સરળ પુસ્તક.

રચી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર મણિભાઇ ત્રિભોવનદાસ.
મંગળદાસવાળા.
બુકસેલર એન્ડ પબ્લીશર એન્ડ કમિશન એજંટ પાદરા.

સને. ૧૮૯૭—૯૮ પ્રત. (૧૦૦૦)

કિમ્મત રૂ. ૦—૮—૦

મને સાં, ૯ તમને આનંદ ઉપજાવીશ.

મને ખરીદ કરવાથી કે પછી (કિંમત) મળશે.

શ્રી.

વડોદરા દેશી કેળવણી ખાતા માટે.

કવિતા સંગ્રહ.

ધોરણ પહેલાથી છઠ્ઠા ધોરણ સુધીના.
વિદ્યાર્થીઓ તથા કન્યાઓને ઘણુંજ ઉપયોગી
સરળ પુસ્તક.

રચી પ્રસિદ્ધ કરનાર.
માસ્તર મણિભાઇ ત્રિભોવનદાસ.
મંગળદાસવાળા.
બુકસેલર એન્ડ પબ્લીશર એન્ડ કમિ-
શન એજંટ પાદરા.

સને. ૧૮૯૭—૯૮ પ્રત. (૧૦૦૦)

કિમ્મત રૂ. ૦-૮-૦

મંત્ર શ્રી, હું તમને આનંદ ઉપજાવીશ.

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.

અને.

પેટલાદ "પારસમણી" પ્રેસમાં છાપ્યું.

પ્રસ્તાવના.

કવિતા સંગ્રહ—વડોદરા રાજ્યના દેશી કેળવણી ખાતા માટે આ પુસ્તક મેં પ્રસિદ્ધ કર્યું છે. મેં શાળાખાતામાં ૧૨ બાર વર્ષસુધી માસ્તરનું કામ કર્યું તે દરમિયાન ચારે પ્રાંતોમાં મારી નોકરી હતી શાળાખાતાની તમામ માહિતી, રીતભાતને રીવાજોથી સંપૂર્ણ માહિતી મેળવ્યાથી છેવટે મેં હાલમાં રાજીનામું આપ્યું છે તે દરમાન્ય મારૂં નામ જાહેર રહેવા માટે મેં આ પુસ્તક પ્રસિદ્ધમાં આણ્યું છે.

શાળા ખાતાના મેહેરબાન અધિકારી સાહેબો તથા મેહેતાજીઓ ખાસ આ પુસ્તક ખરીદ કરી તેનો લાભ—વિદ્યાર્થીઓ તથા કન્યાઓને આપશો એવી આશા છે આ પુસ્તકની ધોરણ ૧ થી તે છઠ્ઠા ધોરણના છોકરાઓ તથા કન્યાઓ સારી રીતે ગાઇ શકે તેમ ગોઠવણ રાખેલી છે.

વાર્ષિક ઇનામ સમારંભ વખતે તથા કોઇ અધિકારી સાહેબનું સ્કુલમાં પધારવું થાય તે વખતે છોકરાઓ તથા કન્યાઓ ફક્ત શીખી ગયેલા પાઠમાંની કવિતાઓ બોલી શકતાં પરંતુ તેથી બીજા રાગ, રાગણી બાબત કંઇ પણ જાણી શકવા સાધન નહોતું. તેથી તેવે પ્રસંગે દીપી આવતુ નહિ.

તેજ કારણથી આ સરળ પુસ્તક મેં મારી નોકરીના અનુભવે આ પુસ્તક તૈયાર કર્યું છે તો તે બાબતમાં મારી નમ્ર વિનતી છે કે આ પુસ્તક માટે શાળાખાતાના દયાળુ મે. રા. બા. વિદ્યાધિકારી સાહેબ આ પુસ્તક તમામ શાળાઓની લાયબ્રેરીમાં દાખલ કરવા

તથા ઇનામમાં આપવા માટે "કેળવણી" માસિક ચોપાનિયામાં આ બાબત સરક્યુલર કાઢી સેવકની ઉમેદ પાર પાડશે તો આભારી થઈશ.

આ પુસ્તક વાંચી પોતાની યથા શક્તિ પ્રમાણે જેટલી જેટલી બુકો જોઇએ તે પોસ્ટપેડ કાગળ લખી મંગાવી લેશો તો વેલ્યુપેબલથી મોકલી આપીશું. ને તે સાહેબોનાં નામ પ્રસિદ્ધ કરવા બીજી આવૃત્તિમાં છેવટે દાખલ કરીશું. તા. ૨૦-૭-૯૭ મુ. પાદરા.

માસ્તર મણિભાઈ ત્રીભોવનદાશ.

બુકસેલર એન્ડ પબ્લિક એન્ડ કમિશનર એજંટસ.

પાદરા.

કવિતા સંગ્રહ.

ભાગ. ૧ લો.

માન આપવા વિષે.

પદ, રાગ ધનાશ્રી.

સલામ સૌને હાલ, સાહેબો સલામ સૌને હાલ.
નિશાળની છે રીતીસારી, ભણિયે આણી ભાવ.
હાંરે હાંરે ભણિયે આણીભાવ, સાહેબો સલામ સૌને હાલ; ૧
રમત ગમતે નીતિ શિખતા, સુધરે નરશી ચાલ.
હાંરે હાંરે સુધરે નરશી ચાલ, સાહેબો સલામ સૌને હાલ; ૨
આપ પધારી, આ સ્થળ આજે, આભારી, કીધાં છે બાળ,
હાંરે હાંરે આભારી કીધાં છે બાળ, સાહેબો સલામ સૌને. ૩
ઇશ્વરની જો મહેર હશે તો, મળીશું બીજી વાર.
હાંરે હાંરે મળીશું બીજીવાર, સાહેબો સલામ સૌને હાલ ૪

ક્ષત્રીકલંક.

ભલે જાએ ભૂખે મૂજ પ્રાણ તમ પહેલા કદી નહિ ખાવુંરે;
માતા તમો છો સમજુ સુજાણ, ,,
પિતા જુવો વિચારી મન, ,,
છે એ શાસ્ત્રને નીતિ વચન, ,,

કેવું રામે પાળ્યું પિતા વચન ,,
સેવ્યું ચૌદ વર્ષ વસમુ વન, ,,
હજુ શ્રવણ ભક્તિ ગવાય, ,,
ઉંચકયાં માત પિતા કાવડ માંય ,,
હજુ હેત એ માત પીતાય નથી મુજ મનથી વિસાર્યુરે
કેમ ખાઇ કરૂ નઠારૂં કાર્ય, માનોને કહ્યું મારૂંરે; ૧
કદી સાગર વાડી સુકાય, તોએ ધર્મ તમે ન ચુકોરે
કદી મેરૂ ચળી અન્ય જાય, ,,
કદી આકાશ મહી તળ જાય, ,,
કદી હંશમાં કાગ ગણાય, ,,
કદી રાત્રી સુર્યોદય થાય, ,,
કદી મનથી જળ વીણુ જીવાય, ,,
હજી વન્હિ તજી ઉષ્ણુ ધર્મ, નથી શીતળતા ધારીરે
નથી છોડયું તમે નીતી કર્મ, વદું હું વીચારીરે ૧

સરસ્વતીની સ્તુતિ.

(બેડો બાઈ બુડતો તારોરે. (એ રાગ)

સહાય થાને તુ સરસ્વતિરે, અકળકળા છે તારી અતિરે
તારા વિના મને આશરો કોઇનો, નથી જરા જગમાંય
જે કોઈ પોહોચ્યો મોટી પદવીએ, એતો તારી છાંય
સહાય થાને તું સરસ્વતિરે અકળકળ છે તારી અતિરે
બોલવું ચાલવું તારી કૃપાએ કૃપાવિના ન બોલાય
મહેનત કરીને બોલવા જાયતો તોતડું તે થઇ જાય

સહાય થાને તુ સરસ્વતિરે, અકળકળા છે તારી અતિરે.
પ્રારંભ કરતાં વદું હું તુજને, નમો નમી કરૂં પ્રણામ,
આશરો તારો મળે તો માતાજી, થાય મારૂં શુભકામ. સહાય.
શરીર હોય અપંગ તથાપિ. આશરો તારો હોય,
માનને સુખમાં ખોટ પડે તો, નિશ્ચે હું માનું સહાય.
દાખલો દેખ્યો નજરો નજરે અંધાતલપત,
મહેરબને અતિ જો માતાજીમાં નીકળ્યું દામ
દામ શીવા કેસ્તુ ભમાની લેશો શિવાય
અલ્પમતિનો હું પ્રણામ પ્રાણી માતાજી છે મોટી આશ સહાય.

કક્કો શીખામણનો.

કક્કા કરવો નહી કંકાશ, ખખ્ખે ખોટું ખોળો ખાસ;
ગગ્ગે ગાવાં ગમતાં ગીત, ઘઘ્ઘે ઘરની શીખવી રીત.
ચચ્ચે ચોખ્ખાં પહેરો ચીર, છછ્છે છાણ્યા પીવું નીર;
જજ્જે જૂઠું જકડો જેર, ઝઝ્ઝાં નવ કર ઝાઝ્ઝાં ઝેર.
ટટ્ટે ટાળો ટટે ટેલ. ઠઠ્ઠે ઠાલી ઠકરાઇ ઠેલ;
ડડડે ડહાપણ દિલે ધરો, ઢઢ્ઢે ઢોળ ફોડ નવ કરો.
તત્તા તાજો ખા ખોરાક, થથ્થા થોડે થોડો થાક;
દદ્દા દેવાં દીનને દાન, ધદ્ધા ધરમે ધરવુ ધ્યાન.
નન્ના નીતિ નિયમ નિતધાર, પપ્પા પરનો કર ઉપકાર:
ફફ્ફા ફેલ ફિતુરને ટાળ, બબ્બા બોલ્યા બોલો પાળ.
ભભ્ભે ભણતર ભાવે ભણો, મમ્મે મૂકી મમત આપણો;
યયા યાદ કરી પ્રભૂ ભજ્જે, રરા રોષને રીસજ તજ્જે.

લલ્લા લોભે લાભ તણાય, વવા વાતે વહાણાં વા'ય;
શશ્શા શીખી શોધક થજે, સસ્સ સારી સંગત સજે.
પપ્પાં પઢ વિદ્યા સૌ ભણો, હહ્હા હસવુંને હઠ હણો;
ળક્ષા સરવને કરો, જ્ઞજ્ઞા જ્ઞાન હૃદયમાં ધરો.
કક્કા પક્કો પાઠે કરો, સુખી થજો નહિ વિસરો.

સંગત વિષે.

સારાની સંગત કરે, બાળક સારા થાય,
સારા સાથે બેશતાં, કદી ભૂંડુ ન કે'વાય
મળે સુગંધ ગુલાબથી બાવળથી સંતાપ
ભૂંડા સાથે બેસતાં, થાયે દુઃખ અમાપ .
સારા ફુલ ઉપર જુઓ, માખી દોડી જાય
ફુલમાંથી મધ મેળવે, આંતે જેહ ખવાય
બાળપણાંથી બાળકે, તજવો ભૂંડો સંગ
ભૂંડા સંગે બેસતાં લાગે ભૂંડો રંગ
જે બાળકને બાળકી, કરશે જેવો સંગ
તેને તેવો લાગશે, રૂડો ભૂંડો રંગ.

નિશાળ વિષે.

ચોપઈ.

જુઓ ભાઈ સારી નિશાળ, ભણે ગણે છે નાનાં બાળ
ગાયે કવિતા રૂડી પેર, શીખી ગયા છે પોતે ઘેર 1
કોઈ ભણે છે એકડે એક, કરી અદબને ધરિ વિવેક

કોઇ સમજે કવિતાનો સાર, જુવે રંગને વળી આકાર ૨
પાટી ખડીઓ લેખણુ લેઈ, કાઢે અક્ષર રૂડા કોઇ
ધરી ચોપડીઓ કોઇએ હાથ, સમજી સમજી વાંચે પાઠ. ૩
સમજે મહેતાજીનાં કેણ, પાળે માત પિતાનાં વેણ.
કરે નહિ કજીઓ કંકાશ, તે બાળકને છે શાબાશ. ૪

પ્રભુ પાર્થના.

ચોપાઇ.

સુખ કરતા દુઃખ હરતા ઈશ, ચરણ કમળમાં નામું શીશ.
કદી મુજપર નવ ધર તું રીશ, કર રક્ષણ મારૂં હરનીશ ૧
સકળ જગતનો તું માબાપ, ગુણ અગણિત તેનું નહિ માપ
શુભ મતિ અતિ સુખ કરતું આપ, પાપ તાપ સંતાપો કાપ ૨
કરજે ચિંતા સઘળી ચુર, હરજે દળદર દુર્ગુણ દૂર
ભરજે મન સદ્ગુણ ભરપુર, ધરજે પ્રભુ આ અરજી ઉર ૩

વાંચનમાળા.

દોહરો.

આ વાંચનમાળા ભલી, જે બાળાને બાળ.
વાંચે શીખે સાંભળે, તેની સુધરે ચાલ. ૧
પોતાનાં માબાપને, અતિ ઉપજાવે વ્હાલ
રમત ગમતમાં શીખતાં, ગાળે સઘળો કાળ ૨
શીખ વડીલ તણી લઈ, નિત્યે જાય નિશાળ
વાંચન લેખન આવડે, બુદ્ધિ બને વિશાળ ૩

અંગ રંગને ઓળખે, અક્ષરને આકાર
નિતિ રીતિ સૌ આવડે, જાણે જગ વ્હેવાર ૪
ધર્મ કર્મ સમજાયને, ટળે અશુભ આચાર
માટે માંડી રાખવા, કરો ન વાર લગાર ૫

માનો ઉપકાર ભા. ૧ લો.

દોહરો

માત તણા ઉપકારનો, ગણતાં નાવે પાર.
બદલો તેનો કોઇથી, વળી શકે ન લગાર ૧
જન્મ્યો ત્યારે મુખ વિશે, એક હતો નહી દંત
પય પીવડાવ્યું પ્યારથી, માયે રાખી ખંત ૨
ખાવા પીવા માગવા, તથા બોલવા બોલ
જરા જોર નહિ જીભમાં, કરૂ હાસ્યને ગેળ ૩
ઉઠ બેસ કરવા તથા, લેવા દેવા સાર
કુમળા હાથ પગો વળી, ટકી શકે ન ટટાર ૪
રૂપ કુરૂપ દિશે ઘણું, જ્યારે ખુલ્લાં નેણુ.
કાન પડે પોકારને, સારાં નરસાં વેણુ. ૫
તેનો સાર લગાર પણુ, સમજ્યાનું નહિ ભાન.
ગાંડા પેઠે હસુરડુ, એવો હું અજ્ઞાન. ૬
કાળા બેરા બોબડા, પંખી પશુ ની પેર
પડતો રડતો ખેલતો, નિરધાર હું ઘેર. ૭
બાળપણે મુજ તન મને, સાંસ અપાર
ટાળી સંભાળી સદા, કર્યો મને હુશિયાર. ૮

ઘાલી ઘરેણાં લૂગડાં, દીપાવી મુજ દેહ.
ખાન પાનને ગાનથી, કરી ખુશ ધરી નેહ. ૯
પાળી પોશી પ્રેમથી, ઘણાં લડાવ્યાં લાડ
એ અગણિત માતા તણા, કેમ ગણાએ પાડ ૧૦

(રાગ) આવરે વરસાદ, ઘેબરીઓ પ્રસાદ
(ગમત સારૂ ટેક વારે વારે બોલવાનું રાખ્યું છે)

આવોરે છોકરા, કસરત કરીએ, રાજી થઈએ ભેગાં રમીએ. (ટેક)
એક બોલતાં ઉભા થઈએ, બીજે હાથ ઉંચો કરીએ. આવોરે. ૧
ત્રણે ઉંચા બંને હાથ , ચાર વધતાં સીધા કરીએ. આવોરે. ૨
પાંચે બંને કાને હાથ, છ સૂણતાં તો ખભે અડીએ. આવોરે. ૩
સાત કહેતો કેડે હાથ. આઠ સાંભળી નીચા મૂકીએ; આવોરે. ૪
નવ વદતામાં અદબ કરીને, દશે પાછા બેસી જઈએ. આવોરે. ૫

તારા વિશે.

રાગ ધનાશ્રી.

બહુ સુંદર દેખાય, તારો બહુ સુંદર દેખાય,
આકાશે તું ઝીણો સરીખો, ચક ચક ચક ચક થાય, તારો૦
આથમતા સૂરજની સાથે, તારા કિર્ણ જણાય,
દૂર ઘણો તું ગગને ભાસે' હીરા સમાન પ્રકાશ, તારો૦
રાત પટે તારૂં તેજ વધારે, ઝગ ઝગ ઝગ ઝગ થાય,
કાળી રાતે તું વાટ બતાવે, એ તારો આભાર, તારો૦
રાત બધી આકાશે રહીને, ચોકી કરે રૂડી નીત,
સૂર્યને સોંપી પેહેરો બદલે, એ અદલ તુજ રીત' તારો૦

છેટો રહી તું આંખને ઠારે, મનને ઠારે અપાર'
હે તારા તું મુજને લાગે, વહાલો જીવ સમાન, તારો૦

બાગ વિશે.

બાગ બાગ બાગ આતો; કેવો દીસે બાગ;
માંહે ઉભો માળી પેલો, ગાય રૂડા રાગ. (ટેક)
ખોદી ખોદી નવીન કયારા, પાણી પોતે પાય;
કાપી કાપી વાંકી ડાળી, છેટે[૫] નાખી જાય, બાગ૦
થાકી પાંકી લોથ થઇને, છાંયે બેસી જાય,
તાજું ભાથું ખાઇ કરીને, કામે પાછો જાય. બાગ૦
આખો દા'ડો કામ કરીને, સાંઝે વે'લો જાય;
છૈયાં છોકર સૌની સાથે, ભજન રૂડાં ગાય, બાગ૦

॥સાત કહેવતો પ્રમાણે શીખવાડવી॥

મણીભાઇ ત્રિભુવનદાસ.

માઢ (નાટકનો)

પધારીઆ ભૂપતિ પ્યારા; શોભે છે સારા, દીન આધારા,
નેનના તારા, શાણા, સયાજીરાવ.
પ્રભુ જય સઘળે આપો, શત્રુસંહારીરે;
આજ, આજ, આજ, આવી આ સ્વારી, નૃપની ભારી,
મન હરનારી, શોભે છે સારી, શાણા સયાજી રાવ. ૧

પધાર્યા આજે શ્રી ગુર્જર પતિ,
પધાર્યાથી બાળક હર્ષે અતિ;
રાજ્ય અવિચળ આપ તપજો, ઇશ્વરા, સુખકરા, દુઃખહરા, ભૂ-

મેરા, સકળ જનના કષ્ટ હારક પધાર્યા૦
માનવંત મહિપાળ, શોક ટાળક ભૂપતિ;
રંક જનના શરણુ સામક, લાયક ભૂપ સર્વ નામક;
અવનિપર અવિચળ રહો, ઈન્દ્ર સમ સુખ સૌ લહો.
વટપૂર નિવાસિ ભૂપતિ, લ્યો સુમત્તિ, ઉત્તમ નીતિ પધાર્યા૦

રાગ ક્ષત્રી કલંગ.

નિશાળીઓ—ચાલો ચાલો ભાઈ આજ ભણુવાને માટે જઈશું રે.
ભણ્યા થકી વધે છે ઘણી લાજ. ,,
સુખ સંપતિ અપરંમપાર ,,
ભણી ગણીને બનીશું હોંશીઆર ,,
ભણ્યા થકી પામીશું ઘણું માન ,,
વળી મળશે વિવિધ વધુ જ્ઞાન ,,
વાણીયો—જા જા ભણી ગણી થાતુ વિદ્વાન નિશાળે હું તો નહી આવું રે
હું તો લઈશ વેપાર કેરૂ જ્ઞાન. ,,
લઈશ શેર તણું સવાશેર ,,
લેનારને આપીશ પોણોશેર ,,
એવી રીતે મેળવું ઝાઝું ધન ,,
મેં તો નક્કી કર્યું છે મારે મન ,,
નિશાળીઓ—એતો અનીતિ માર્ગ કે'વાય. ભણુવાને માટે જઈશું રે
વિધાવડે નીતિજ્ઞ થવાય. ,,
જાણી બુજીને કરવો ત્રાસ ,,
જુઠા પણાથી નક્કાનો થાય નાશ ,,

એવી અનીતિથી લાગે પાપ ,,
કોપે ઇશ્વર આપો આપ. ,,

પટેલ—જગત ભણી ગણી થાતું હોંશિઆર નિશાળે હું તો નહિ આવું રે.
હું તો બનીશ મારે ખેતી કાર નિશાળે
નથી નોકરીનો દરકાર. ,,
ભણવાનું મહા દુઃખ કાર. ,,
મારે તાબે છે જમીનની છુટ. ,,
કોને માટે કરવી માથા કુટ. ,,

નિશાળીઓ—નથી ભણવાનું નોકરી **માટે** ભણવાને માટે જઇશું રે
ભલે હોય જમીન અપાર ,,
ભલે હોય દ્રૈવ તણી છુટ ,,
દીન વાંકે પડે એની લુટ ,,
વિદ્યા થકી મળે બહુ માન ,,
વિદ્યા વિનાના પશુ સમાન ,,

ગોર—જાજા ભણિ ગણિ થાતુ સભા સદ, નિશાળે હું તો નહિ આવું રે
મારૂં સાચવીશ હું તો ગોરપદ ,,
સ્લોક ખોટા ભણિને સટ પટ ,,
કન્યા પરણાવી દેઉ ઝટ પટ ,,
એમ કરતાં ન મળે છેવટ ,,
માગી ભીખ ભરૂ મારૂં પેટ ,,

નિશાળીઓ—એતો ઠગ વિદ્યા કહેવાય ભણવાને માટે જઇશું રે.
ઇશ્વર અધિક કોપી ન થાય ,,
ભણી સંસ્કૃત સમજો સાર ,,

શીખો વિદ્યા અપરંપાર ,,
કોળી—કોળી જાતે બળવાન નિશાળે હું તો નહિ આવુંરે.
ચોરી લૂંટી મેળવું ધન ધાન્ય ,,
કુડાં કર્મ કરૂં હું રોજ ,,
પામી દ્રવ્ય ને માણું મોજ ,,
નિશાળીઆ—ધીક ધીક તારી રીત ભાત ભણવાને માટે જાવશુંરે.
જેથી લાજે તારાં માત ને તાત ,,
તને ભણવાને આપે છે સાજ ,,
આપે ખર્ચ સયાજી મહારાજ ,,
મુકી દો ચોરી લૂંટની ચાલ ,,
નહિતો થશો હવે બેહાલ ,,

દીંડી.

અઢળ પદ હે ભૂપાસ ઇશ દેવા
રાણી કન્યા સુત ચીરંજીવ દેવા;
સયાજી મેં આ રાજ્ય સદા રહો,
અખીલ બાનું સમ રાજ્ય સુખ દેવો.

બાળગીત.

ઊંદર વિષે.

(રાગ ભોજાભગતના ચાબખાનો)

ઊંદર બિલ્લીને ભાળી, નાસે મૂંહીઓને વાળી,—ટેક.
ચાર પગને લાંબી પૂછડી, સુંવાળી ચંચળ જાત;

ઝીણી આંખે ઝાઝું ભાળીને, દોડે અંધારી રાત. ઊંદર. ૧
લાગ લાવીને લૂગડાં કાપે. કોઠીઓ કરડી ખાય;
જબરા દાંતે જમીન ખોતરી, ખૂણામાં સંતાય. ઊંદર ૨
દીઠી દિવટ મૂકે નહીને અંધારે મચવે શોર;
દાણા ખાઇને હાટ વાળે, એ ચાર પગનો ચોર. ઊંદર ૩
ઝાલવા જાતાં હાથ ન આવે, પકડતાં નવ પકડાય;
ઉપાય કરતાં કાંઈ વળે નહિ, બિલ્લી મળે સુખ થાય. ઊંદર ૪

बाळखेल.

આગગાડી.

(ભોજા ભગતના ચાબખાનો રાગ.)

ભાઇઓ ચાલો તમે અગાડી, કરીએ આજ ભલી આગગાડી. ટેક.
એક તો મોટું એન્જીન બનીને, સહુની પહેલાં ચાલો;
એક પછી એક ઉભા રહીને, આગળ નાને ઝાલો. ભાઇઓ.
છેવટનો એક ગાર્ડ બનીને, આજ્ઞા આપે જ્યારે;
મોટી સિસોટી વાગે એન્જીનમાં, ચાલવા માંડો ત્યારે. ભાઇઓ.
વેગ વધારી ચાલવા માંડો, ચાલતાં સ્ટેશન આવ્યું;
ગાડી ઉભી રહી થોડો વખત ત્યાં, જોવાનું આવ્યું સારૂં. ભાઇઓ.
સ્ટેશનપરની શોભા અહા ! શી, જોઈ જોઇ રાજી થાઉં;
ચાલવા માંડી ગાડી એવામાં, પૂરૂં નહિ જોવાયું. ભાઈઓ.
આગળ ચાલતાં એક આવેલો, તૂટેલ છે પુલ મો'ટો;
ખબર પડી નહિ તેથી કડી ધુમ, ભાગી ગાડી થઈ ગોટો. ભાઇઓ.

જબરા જન ત્યાં ઊભા થઈને, સહુને ઉપર લાવી કાઢે;
સાજાં સારાં સૌ જીવતાં નીકળ્યાં, ખુશી થવું આ દહાડે. ભાઈઓ.

ક્ષત્રી કલંગ.

તજો તજો તમે અભિમાન, સજ્જન માટે નથી સર્જ્યુરે;
એછે રૈરવ નર્કની ખાણ, સજન માટે નથી સર્જ્યુરે; ૧
અભિમાનથી થાય વિનાશ, સજ્જન—
અભિમાનથી કરે હાસ, સજ્જન— ૨
અભિમાની તણું ઉપનામ, સજ્જન—
એથી જાય ધરા ધન ધામ, સજ્જન— ૩
અભિમાનીની છાપ અમાપ, સજ્જન—
ચોટ્યો સાત પેઢીયે શ્રાપ, સજ્જન— ૪
બોલે શાસ્ત્ર અને ઇતિહાસ, સજ્જન—
દેવુ મટીને થયા દાસ, સજ્જન— ૫
નથી એવો દાખલો ક્યાંય, સજ્જન—
કોઇ લાભ પામ્યો મદમાંય, સજ્જન— ૬
ગયું ગયું આપણુંજ તમામ, સજ્જન—
હવે ઠાલી રાખોછો દમામ, સજ્જન— ૭
ઉઠો ઉઠો ઉઠો ભટવિર, સજ્જન—
અભિમાનનું છેદી દો શીર, સજ્જન— ૮
થયો વિનય ને સરદાર. સજ્જન—
[illegible] સજ્જન— ૯
[illegible] સજ્જન—

આવે મદદમાં ભગવાન સજ્જન માટે નથી સુજ્યુંરે. ૧૦

દહોરો.

ભીંડા ભાદર માસનો, વડને કહે જરૂર;
હું આવ્યો તમ દુર ખસો, ચેતી ચિત્ત ચતુર. ૧
વડ કહે ચોમાસા પછી ભલે પધારો આપ;
અમ જગ્યા કરી રાખીએ, કોને નહિ સંતાપ. ૨
ભીંડે ભીડી બાથને, બન્યો મહા મગરૂર;
પણ ચોમાસુ વિતતાં, ગળવા માંડયું નુર. ૩
ભીંડા આશ્વીન માસમાં, સુકાઇ પડતાં વાર;
વડ કહે ભીંડા ભાઇઓ, આપની વારે વાર. ૪
ભીંડા ભુમીપર પડી, કહે ભલા વડવીર,
ચાર દિવસનું ચોંદણું, ફેરવી નાંખે શીર. ૫
એ રીતે આ લોકમાં, વખત તણું અભિમાન;
સમય સમયની છાંયડી, સમજે નહિ નાદાન. ૬
ટોટો ટોટો ઝાલતાં, થાય પછીથી ભાન;
પ્રથમ ચેતી ચાલે નહિ, ભાસે નહિ ભગવાન. ૭ પૂર્ણ

પ્રભુ સ્તુતિ.

લલિત છંદ.

પ્રભુપદે અમે, પાય, લાગીએ; દુરિત કૃત્યની, માફી માગીએ. ૧
પતિત પાવના, પ્રેમ લાવશો, અનીતિ દુષ્કૃતિ, થી બચાવશો. ૨
શુભ ગુણો, સદા નાથ આપશો, મન મલીનતા, કાપી નાંખશો. ૩
સુણી તમે પ્રભુ નમ્ર વિનતી, શરણ રાખજો, રે દયાનિધિ. ૪

પ્રભુ મનોરથો, માગીએ અમો, ઘટિત જે હશે, પુરશો તમો. ૫
નવ વિશારશો, દાસને કદા, સુનિતિ સન્મતિ, આપશો સદા. ૬

મનહર છંદ.

આગીઆ અભાગીઆના, ઉર અભિમાન શું,
મારા તેજ આગળ છે, ચંદ્ર શી વિશાતમાં,
આફુસની કેરી પ્રત્યે, આકડાની કેરી કથે,
નાજુકોમાં મારૂ નામ. ઉંચું કેરી જાતમાં. ૧
વાગોળો કરે વડાઇ, આભ રાખ્યું પાય સાહી
જાપાન કે' ચીન જીત્યું, એ તે શા હિશાબમાં
એમ અભિમાની માની, નીજ ગજુના પ્રમાણી
કરે ધુળ ધાણી ધણી, જાણી વીખવાદમાં. ૨
લાકડાના ચમચાને, રૂપાનાથી વાદ થયો;
વજન ખપત માંહે, મારા જેવું કો નથી,
જરમન સીલવર, ચાંદીને કહેવ હઠ,
ઘેર ઘેર ઠેર ઠેર, વસુંછું પ્રીતી અતિ. ૩
કનેડાનું ગોલ્ડ કહે, હેમાભાઇ હઠી જાઓ.
મારા નામ આગળ સહુ, દુનીયાં ઘેલી થતી
ચાંદી રૂપુ સોને મળી, ઠરાવ વીચાર કીધો
અગ્નિમાં પ્રવેશ કરો, કોની જાત છે સતિ. ૪
અઘોળીને ઘોળે દહાડે, અભિમાન એવું ચડયું
મારા જેવું જગતમાં, નથી કોઇ વસતું
નવટાંકી સૂણી કહે, બેશ બેશ દેશો દેશ

હું આવીને તારૂં નામ, થાય દુર ખસતું. ૫
પારોરી કહે ખંડ કરો, અચ્છેરી કહે દંડ ભરો
પોંણાશેરી કહે હું શ્રેષ્ટ, બોલો શું અમસ્તુ
શેરીઓ હસીને કહે, છીછીલાં શું ગર્વ કરો
શેર માથે સવાશેર, ભગવાન ભાષતું. ૬

રાગ ધનાશ્રી.

માનો પ્રભુનો પાડ, સ્વજન હો માનો પ્રભુનો પાડ.
ગહનગતિ જગપતિની ખરે હો, દુર કર્યાં દુઃખ ઝાડ. સ્વજન. ૧
ધાડવાડ વઢવાઢ વીતિ ગઈ, શાંત પ્રજા થઇ ગાડ. સ્વજન. ૨
ઘોર ભયંકર તીમીર કુમતી જઇ, ઝગમગ જોની પાડ. સ્વજન. ૩
ક્યાં ચકમક કણભાનુ કીરણ ક્યાં ક્યાં ખડ ક્યાં તરૂતાડ સ્વ૦ ૪
વાત્સલ્ય પ્રેમે રાય સયાજી, લલિત લડાવે લાડ. સ્વજન. ૫
સવજન હો માનો પ્રભુનો પાડ, માનો પ્રભુનો પાડ. સ્વજન. ૬

ગાયકવાડ સરકારને આશીર્વાદ.

શ્રી પરમેશ્વર શાંન્તિ રાખો. દેશી રાજ્ય ઉપર ધરી પ્યાર;
મંગળ કારી બહુ બહુ નામી, ખાન પાન ભરજો ભડાર,
તખ્ત નશીન બહુ જીવો સીયાજી, સર્વ જગાએ પામો માન,
સર્વ રાજ્યમાં શ્રેષ્ટ થઇને, દો રૈયતને વિધા દાન, ૧
રહો અવિચળ રાજ અનુપમ, લક્ષવશા થાજો જયકાર.
કાઢી આળસ તીમિરદશાને, તેજ તાજો થાજો અંબાર.
[illegible]
[illegible]

નાના વિધના સુખ આપીને, લીજો પ્રતિદિન તો સંભાળ,
ખાનપાનથી સદાય સુખમાં, શિયાજી થાજો શ્રેષ્ટ ભૂપાળ,
સમુદ્ધિ સુભ અતિ ઘણી પામો, યાચકને થાજો દાતાર,
ખેતી વાડી કારીગરીમાં, મ્હારાજા કરજો ઉપકાર, ૩
લક્ષણ બત્રીશ પુરણ પામી રાજ્ય કરો રાજા બહાદુર;
શંત્રુનું કુળ સોધી હણજો, જાગીર પામો જી ભરપુર,
મનવાંછિત ફળ પામો પોતે, શિયાજી કુળ થાજો કલ્યાંણ,
શેર સિંહની ધરો ગર્જના, યાત્રા ફરજો ચતુર સુજાણ. ૪
રક્ષણ કરજો રૈયતનું વળી, જીતો જગતમાં ઝાઝાં કાજ,
બળ બુદ્ધિ બહુ ધન સુખ પામો, રામ સરીખું રચજો રાજ્ય,
હાથી હોદે સદા બિરાજો, વખાણ પામો વારંવાર,
દુષ્ટ હણજોને બહુ થાજો, ગાયકવાડીની જયકાર. ૫
રસકસ પામો પૃથ્વી માતા, યશકારી નિપજ્યોછે ભૂપ
ફળ આપો મનગાન્યા ઝાઝાં, કરૂણા કરજો ધર્મસ્વરૂપ,
રક્ષણ કરજો ત્રિભોવન ત્રાતા, વહાલા થાજો આ મહારાજ
જંત્ર ભણીને ગંગાશંકર, ડમડમ ડંકે થાજો અવાજ. ૬

નારાચ છંદ.

ઉદારજે હમેશ લેશ ગર્વ ઉરના ધરે, પરોપકાર જે કરી પ્રજા તણી પીડા હરે
ભૂલે ન જે પ્રજાતણી શુભક્તિ તેમ ભાવને, હું વંદુ વારંવાર તે,
શુરા શયાજીરાવને. ૧
નીતિવિષે નીપૂણ જે, વિશેષ વિશ્વમાં વશે; જરૂર તેહ મંડળે, સયાજી
શ્રેષ્ઠ દિસશે,

મુલ્ક વિશેષ રાજ્ય માંહી, જંપતાજ ભાવને; હું વંદુ વાંરંવાર તે, શુરા
શયાજી રાવને. ૨

સ્વભાવ છે સુશીલઢીલ, ધર્મમાનછે ધરી; ઉદારતા જણાવી છે, વસુ
વિશેષ વાવરી;

કર્યા ઉપાય ટાળવા, છટેલતા ટકાવને, હું વંદુ વારંવાર તે,
શુરા શયાજી રાવને. ૩

પ્રવાશ દેશમાં વિદેશમાં વળી કર્યો ઘણો, લખાય ઇતિહાસ થાય,
શ્રેષ્ટ ભૂપતિ તણો.

વહાલ છે વિશેષ વસ્તીનું, મહાલ ભાવને, હું વંદુ વારંવાર તે,
શુરા શયાજી રાવને. ૪

વિચારથી વિચારીને, કરે દરેક કામને, વળી સુધારવાનું ધાર્યું,
વિરક્ષેત્ર ધામને,

નિહાળી જોયું રાજ્ય નીતિના, નવીન નાવને, હું વંદુ વારંવાર તે,
શુરા શયાજી રાવને, ૫

શીયાજીગાયકવાડ વિષે.

દોહરો.

શી ગાજીયા ગર્જના, જોવા મળ્યા અનેક,
કાન્તા કહેછે કંથને, મનમાં કરી વિવેક.

સવૈયાં.

નેઝા ઝળ કર્યા જુઓ મીત્ર આ, છત્ર ચમર કોને ઢોળાય,
કહો દુંદભી કોનાં વાગ્યાં, જોવાને મનડું લોભાય,
નાનાવિધની ખીલી વાડીઓ, શું સોનાના ઊગ્યાં ઝાડ,

મને એમ લાગેછે મીત્રો, હશે સયાજીગાયકવાડ. ૧
દાશ દોડતા જુઓ આવીઆ, જુઓ પવન વેગી તોખાર,
રહી હાર પ્યાદલની પેલી, ઠઠ મલી ઝાઝી જોનાર;
મહા ગર્જના ઉઠી રહી છે, જાણે ગાજ્યો મેઘ અષાડ.
હાથી હોદ્દે સદા બિરાજે હશે સયાજીગાયકવાડ. ૨
રાજ્ય રંગની સ્વારીઓ તો, જુઓ રંગ બેરંગી સ્વાર.
જાત જાતની પલટણ જુદી, જુઓ વળી ગોરા સરદાર.
શિ રચના દેખાય દૂરથી, અહીં કયાંથી હીમાચળ પહાડ.
યાચકના યશકારી દાતા, હશે શયાજીગાયકવાડ, ૩
જીવો ઘણું જગત્રાતા રાજા, સયાજી કુળ થાજો કલ્યાણ.
રાજ રામનું•થયું આપણે, છે રાજાજી ચતુર શુજાણ;
વધો રિદ્ધીને સીદ્ધી ભારે; થજો નગર કંચનની વાડ.
ગાયો ગુણ રાજાના એવા, ભલે પધાર્યો ગાયકવાડ. ૪
યસ પામોજી જગો જગોએ, ઠામ ઠામથી પામો માન
કરી નિશાળો બહુ નવરંગી, દો રૈયતને વિધાદાન.
વાજીંત્રો વાગ્યાં કીર્ત્તાનાં, થાજો યશના ગિરીગરાડ.
ડમડમ ડંકે નિશાન ફરકે, ભલે પધાર્યા ગાયકવાડ. ૫
સદા શુખમાં રહો શયાજી, છત્રપતિ શાણા સરદાર,
રહો અમલ પદ ગાયકવાડી' માહારાજા થાજો યશકાર,
કાલાવાલા કરી પ્યારથી, પ્રજા પ્રભુનો માનો પાડ,
રચે કવિતા ગંગાશંકર, ભલે પધાર્યા ગાયકવાડ. ૬

ભણવા વિષે.

સવૈયા.

ફરી અવસર નહિ આવે આવો, બાળપણું જાતું રહેશે,
ભણ્યા વિના ભવમાં ભટકેથી, માનવિ માત્ર મૂરખ કહેશે,
મોટા થઇ મનમાં મુઝાશો, બાળે રહેશો નહિ કાલા
ભણી ગણી વિધ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૧
જુવાનીમાં જર મેળવ્યું તે, જરા વિષે સુખથી ખાસે,
એમજ બાળપણે જે ભણીયો, તે પાછળ સુખીઓ થાશે,
સમજી એવું થાવ સર્વદા, વિધા ભણવા હોંસાળા,
ભણી ગણી વિધ્વાન બનો ભાઈ, શાને ઠોઠ રહો ઠાલા. ૨
જુવાનીમાં જર ન મેળવ્યું, તે પાછળ દુ:ખીઓ થાશે,
એમજ બાળપણે નહિ ભણીઓ. તે પાછળથી પસ્તાશે,
કપુત નામ કહેવાશે તેથી, માત તાતને નહિ વાલા,
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૩
કીરકને અભ્યાસ સદા તો, આદરથી સુભજન પાળે,
કાન ધરી કોયલ રહી સુણસે, કાગ રાગથી કંટાળે,
ગુણને વશ થાશે સઘળા જન, રંગ રહે બેઉના કાલા,
ભણી ગણી વિધ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૪
સરસ ફુલ સીમળનું ભાસે, શોભા જોતાં પદ્મ સમાન,
ગંધ હીણુ ગર્ધવ નવસુંઘે, માટે કહું છું તમને માન;
રાખી ટેક વિવેક ધરીને, ભણો કરૂં કાલાવાલા,
ભણી ગણી વિધ્વાન બનો ભાઈ, શાને ઠોઠ રહો ઠાલા, ૫
કર દીપ લઇને પડે કુપમાં, એથી અવર મુરખજન કોણ.
બુદ્ધી ખીલે બોધ ન લાગ્યો, તે નર ખરેખરો ખર જાણ,

ટાપ ટીપમાં વખત ગુમાવી, ફરો સદા સાને લાલા,
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઢોઠ રહો ઠાલા. ૬
પેરે પેરે પશુ પ્રાણીને, શિક્ષા આવેછે શાણી,
મદારી કેરા મર્કટ દેખો એ તમને કહું એધાણી,
મહેનત વણ ફલ નહી મળશે, માટે ન ખાસો કંટાળો,
ભણી ગણી વિધ્વાન બનો, ભાઈ, શાને ઢોઠ રહો ઠાલા. ૭
કાવ્ય કળાનો સ્વાદ ન ચાખ્યો, તે નર જાણો શબને તોલ,
અલંકાર વ્યાકરણ વિનાના લાગે તેના ફીકા બોલ,
માટે જન નવ માન આપશે ભલે ફરો થઇ રૂપાળા
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ શાને ઢોઠ રહો ઠાલા. ૮
બહુ બાળક મેં નજરે નીરખ્યાં તે ભણતાં બહુ કંટાળે
નિદ્રા દેવીને આરાધે આળસ ઉરથી નવ ટાળે
તેને શિક્ષા માટે રચિયા છંદ ઉર ઉડી જ્વાળા.
આશા ધર કહે ભણો ભણો ભાઇ શાને ઢોઠ રહો ઠાલા. ૯

સંપુર્ણ.

મહારાજા વિલાયતથી પધારે છે.

(ભુજંગી)

પધાર્યા મહારાજ આજે ઉમંગે, થઈ રાજી રાજી પ્રજા સર્વ અંગે;
દીઠો આજ દીવાળીથી દીન સારો, મહા શોકનો ઉદધી શોષનારો. ૧
મળ્યા પ્રેમથી નીરખવા ઠામ ઠામે, કરે સર્વ લોકો ઉમંગે પ્રણામે;
રૂડા ઘોષ સર્વે દિશાએ સમાયા, ભલે ભુપતિ શ્રી સયાજી પધાર્યા. ૨

મહારાજા યુરોપથી પધારે છે.

નારાચ.

પ્રજા તણા સુધારનાર, પાવનાર ભૂપતિ; પ્રભાસથી પધારિયા શિયાજી
હે મહામતી. ૧
ઘણો ઉમંગ આપનો, ગરીબને ભણાવવા; અખંડ કીર્તિ કોટ ચારૂ
ચિત્તથી ચણાવવા. ૨
શિયાજી ભુપ રાજી સર્વ, કાળમાં તમે રહો; લહાવો સર્વ લોકનો, અ-
નેક લક્ષમાં લહો. ૩

મહારાજા પધારેછે તે વિષે.

(ગજલ અથવા હિંડી રાગ.)

ધન્ય માસ, ધન્ય પક્ષ, ધન્ય દિન આજનો;
નિર્ખીને સિયાજી હર્ષ, વાધીયો સમાજનો. ૧
દીર્ધકાળ ચિન્તવ્યા, મનોર્થ આજ સારિયા;
શ્રી સયાજીરાજ આજ, પુરમાં પધારિયા. ૨
આજના ઉમંગનો, અભંગ રંગ ઉરમાં;
ઘેર ઘેર રંગ રાગના, પ્રસંગ પુરમાં. ૩
માનવી સમસ્ત મીત્ર, નામને વધારિયા;
શ્રી સયાજી રાજ આજ, પુરમાં પધારિયા. ૪

સવૈયા એકત્રીસા.

સદગૃહસ્થો તમે ભલે પધાર્યા, કૃપા બાળપર ઘણી કરો;
આજે છે ભાઈ આ શાળાનો, ઇનામ સમારંભ ખુબ કરો.
ગાયકવાડી અમર તપો વળી, દુષ્ટજનો તો સઘ ટળો;

મહારાજ સયાજી ઘણુ જીવોને, વિદ્યાદાન પ્રભૂત કરો. ૧
ઘણા રાજ્યમાં વિદ્યા આપે, પણ રૈયતના ધન વડે;
પરોપકારી સયાજી જેવા, જવલ્લે જગમાં ભૂપ જડે.
દુબળા કાળી ભીલ નાયકા, કોણ બિચારી અભણ રહે;
તે સઘળાપર દયા લાવીને, મહારાજા અતિ મહેર કરે. ૨
આ શાણા સયાજી રાણા, જગમાં જેનો જશ જામો;
ખુબ વિખ્યાતા રાજા પ્રખ્યાતા, વૃદ્ધિ કરી વિદ્યા પામો.
અમર નામ સયાજી રાણા, જગમાં જેનો જશ જામો;
આ શાળાપર મહેર કરીને, હમેશ સુખમાં વિરામો. ૩

હોળી.

ચોપાઇ.

ફૂલ્યાં ફૂલો ફાગણ માસ, હોળીનો હૈયે ઉલ્લાસ;
રંગ રાગની રૂડી રીત, અતરમાં ઉપજાવે પ્રીત. ૧
ઋતુનો બદલાયે રંગ, મનહર ગીતો ગાય વિહંગ;
આર્ય મંદીરે ઓચ્છવ થાય, વર્ણન તેનું લખ્યું ન જાય. ૨
હાલ ચાલની અવળી ચાલ, તે વિષે કંઈ કરી ખ્યાલ;
ચાલ વિનાની મૂકો તેહ, દુઃખદાયક જેનિઃ સંદેહ. ૩
નાગાં ગીતો નિર્લજ્જ વાત, અઘટિત રીતિ એતો ભ્રાત;
નીચ જાતનું એતો કામ, નીર નામનુ ખોય તમામ. ૪
કાદવ ખત્તાનું તોફાન, ચુકાવે માણુસની સાન;
કરી મશ્કરી પાડે પાઘ, પણ ઇજતને લાગે ડાઘ.
પડે એ થકી ખોટી ટેવ, ખોટું આવડશે તતખેવ;

સારૂં શિખતાં મહેનત પડે, બુરૂ વણ શીખે આવડે. ૬
કામ નઠારી તજીએ રીત, નિજનું જેથી થાય અહીત;
જાળવીએ જનની મરજાદ, જેથી કો ન ધરે ફરિયાદ. ૭

વિદ્યા વૈભવ વિષે.

દોહરો.

બાળા આળ તજી ખ્યાલ કર, વિદ્યાપર તત્કાલ;
જેથી જગમાં યશ વધે, લક્ષ્મી લાભ વિશાળ. ૧
વિદ્યા વિનયનું મુળ છે, વિદ્યાથી ગુણ લાભ;
ગુણીયલને ધન બહુ મળે, થાય દૂર દુઃખ આભ. ૨
જેના નીર્મળ અંગથી, નીચ ઉંચ બની જાય:
મોટા મોટા લોકમાં, ગુણીજંન બની ગવાય. ૩
રાજા નિજના રાજમાં, પૂજાએ દીન રાત;
પણ પંડિતતો વિશ્વમાં, પૂજાએ ભલી ભાત. ૪
વ્યાસ વાલ્મિકીને વળી, કાલીદાસ કવિરાજ
એ સૌ વિદ્યાથી રહ્યા, પ્રસિદ્ધ જગમાં આજ. ૫
વિદ્યા ધનતો અમર છે, નિશદિન ફળ દેનાર;
દિન દિન વાપરતાં વધે, ઉલટુ આપ અપાર. ૬
દેશ વિદેશે દુઃખમાં, એકલ જનને ખાસ;
વિદ્યા મોટી ઓથ છે, સુખકર પૂર્ણ પ્રકાશ. ૭
જો વિદ્યાના સંગનો, જામે મનમાં રંગ;
દુષ્ટ તુરંગો દુર થઇ, થાય દુઃખનો ભંગ. ૮
માટે બાળક ભાવથી, ભણ વિદ્યા દિન રાત;

માત પિતાને ખંતથી, કરવા તુ રળિઆત. ૫

સદ્‌બોધ.

દોહરો.

સદા સમજવું સાનમાં, મુકી ખોટું માન;
જ્ઞાન પામવા મન થકી, તત્પર થાવું નિદાન. ૧
આળસ અંગ ન રાખવું, કદી ન કરવી આળ;
બાળક બુદ્ધિ બાળીને, ઉર ના થવું વિશાળ. ૨
દયા નમ્રતા તેહને, રૂડો ભક્તિ ભાવ;
સદ્‌ગુણ અંતર સચીએ, જાણે રત્ન જડાવ. ૩
કડવાં લાગે કાનને, શિખામણનાં વેણ;
પણ ધીરજથી સાંખવાં, જે અંતે સુખ દેણ. ૪
તન મન નિર્મળ રાખીને, સદા કરો સત સંગ;
લુચા લાંડ લબાડનો, લેશ ન લેવો રંગ. ૫
અસત્ય ઉચરવું નહિ, અતિ ન વદવી વાત;
અતિ ખાવું રમવું નહિ, પરહરવી પંચાત. ૬
ડર ઇશ્વરનો રાખીને, કદી ન કરવું પાપ;
પ્રભુ પ્રતાપે કા'નનો, ટળે સર્વ સંતાપ. ૭

બાગ તથા નિશાળનો મુકાબલો.

દોહરા.

મુખથી બોલે નારદ કહે, શુણ મંત્રી શિરતાજ,
[illegible] ૧
[illegible]

આવે પત્ર અગત્યનો, ક્યાં વંચાવા જાય? ૨
રૂડું ચાહો જનું, આપો એ અભીપ્રાય;
" પ્રાતઃકાળે કુંવરજી, વિદ્યા ભણવા જાય." ૩
મંત્રી કહે 'ઠીજ સાંભળો, સત્ય કહું સાક્ષાત;
તમે તમારી મતલબે, કહોછો સઘળી વાત. ૪
એ માણસ વધતાં નિભે, વગર ભણે મહિનાથ;
ગરજ મટે પરધાનની, લખે પટે નિજ હાથ. ૫
સહિ સાટે કાગળ વિષે, કરે નિશાની કાંઇ;
મહોર ઘડાવી હેમની. રાખે વીંટી માંઇ ૬
જોતાં પેઢી સાત ગઇ, ન ભણ્યા કોઇ હજૂર;
કામ કશું અટક્યું નહી, જાણો તમે જરૂર. ૭
રાણી એક ભણેલી છે, તે પણ લેછે પ્રાણ;
હિસાબ પૂછે હરઘડી, લાગે તીખું બાણ. ૮

દોહરા.

સાઠ વરસનું માનવી, જો વિદ્યા ન ભણેલ;
બાળ બુદ્ધિ તેમાં વસે, થશે નહિ સુધરેલ. ૧
બાલ બુદ્ધિનો નરપતિ, અબળા પ્રબળા હોય;
નિજ સ્વારથી પ્રધાન જ્યાં, કદિયે સુખી ન કોય. ૨

દોહરા.

ભલે પધાર્યા ભૂપતિ, ભલે પધાર્યા માત;
પ્રજા તણા દિલમાં થયો, પુરણ હર્ષ પ્રભાત. ૧

નારાચ.

ભલે પધારિયા સયાજી રાજ, આજ રાજ્યમાં

ત્ર્યો વિરૂપ મોદ આજ, માનવિ સમાજમાં.
પ્રજા વિયોગી ચાતકી, સયાજી મેઘ આવતાં;
ખુશી ખુશી બની રહી, સદા તૃષા સમાવતાં. ૨
નિહાળી રાજ રાણિને, પ્રમાણી પુણ્ય આપનાં.
પ્રજા સમસ્ત મસ્ત થઇ, પ્રજાળી કાષ્ટ પાપનાં
ઉદે થયો શયાજી શૂર, સુર આ વડોદરે
શિતર્તુમાં મધુર તાપ, આપી શીત જે હરે. ૩
પ્રજા રૂપાળિ પદ્મિની, સયાજી શૂર પેખતાં;
હસી હસી ખીલી ખીલી, વિયોગને ઉવેખતાં;
પિતા પ્રસુ પ્રદેશથી, પધારિયાં ઘણે દિને;
નમાય મોંદ તેથી સંતતિ, પ્રજા તણે મને. ૪
પ્રજા કુટુંબ પોષવા, વિદેશમાંથી ભૂપતિ;
પધારતાં પ્રસન્ન પુર્ણ, સાર્વની થઇ મતિ.
રતી ફરી વડોદરાની, આપની ગતિ થતાં;
રવિની જેમ ઉત્તરાયને, જવા મતિ થતાં. ૫
ઘટયું નિશાનું માન, દીનમાન દીનનું વધ્યું;
સયાજિ સૂર સંક્રમ્યા, સ્વદેશ ત્યાં થકી વધુ.
શિશીરમાં સયાજિનો, પ્રતાપ એજ શાલ છે;
ન શીતની વિશેષ ભીતિ, માનીયે કશી પછે. ૬
સુગાન ગાય ગાયકો, સુ નૃત્ય નાયકા કરે;
સમસ્ત મસ્ત મલ્લ પ્રિત, રાખિ પેંતરા ફરે.
કુમારિકા વધાવતી, સુ કોમળા કેર કરી
સયાજિ રાજને નિહાળી, ગાય ગીત કીન્નરી. ૭

સુગંધ વારિથી સમગ્ર, માર્ગ આ સિંચાય છે;
કરી કુશાગ્ર કૌશલી, કમાન આ રચાય છે.
અનેક હર્ષ વાદના, સુ લેખ ત્યાં લખાય છે;
સયાજિરાજ આજ આવતાં, ઉમંગ થાય છે. ૮
વિશાળ વાવટા, ધ્વજા, મઝા કરે વિહાયસે;
નિશાળના નિશાળીઆ પવિત્ર હર્ષથી હશે.
વિચિત્ર વાદ્ય વાગતાં, સુમિષ્ટ ઇષ્ટ સાજમાં;
ભલે પધારિયા સયાજિ રાજ આજ રાજ્યમાં. ૯

સ્ત્રગ્ધરા.

આ લોકે સર્વ લોકો નરપતિ વરની મેષ ઉન્મેષ છોડી;
વંદે નીચા નમીને મન થકી સરવે આવી આવી અગાડી.
બોલે ઉંચે સ્વરે તે જય જય નૃપતિ હર્ષની ગર્જનાથી;
પ્રીતે બાળા વધાવે, કુસુમ કર ગ્રહી બારિયેથી છજ્જેથી.

દોહરો.

વાજાં ગર્જિત મેઘનું, મારગ સિંચન મેહ;
ગાયન મધુર ધ્વની મધુર, વિદ્યુત પાતક જેહ.

સમય સુચકતા.

હરિગીત.

રે ! બાળ જો જો કાળ આ સોના સમો વહી જાય છે;
રે ! વાળ વૃત્તિ ભાળ, હિતની પાળ બાંગી જાય છે.
રે [illegible] છે;
રે [illegible] ૧

ફરી જનમ લેતાં દિવસ આજ તણો નહીં ફરી આવશે;
લાખો કરોડો જગ તજી ગયેલા નહિ કદી ફાવશે;
ખરી ખોડ તારી ખાંતથી જો ખોઈ દેતો ફાવશે,
હજી હાથ બાજી તાહરે નવ નાખતો તું દાવશે. ૨
તેં જગતમાં જન્મી ન જગના નાથનું સ્મરણે કર્યું;
તેં જગતમાં જન્મી ન જન સમુદાયના દુઃખને હર્યું.
તેં જગતમાં જન્મી ન સજાતિ શસ્ત્રને કરમાં ધર્યું;
તેં જગતમાં જન્મો ન ભલું કદિ પ્રાણી માત્રનું આચર્યું. ૩
સૃષ્ટિ વિષે જ્યમ જન્મીને બહુએ ગયા ને જાય છે;
તેવી રીતે શું મૂર્ખ! તું ચિત્તમાં જવાને ચા'ય છે.
હર હર ઘડી આ કનકની શીદને અલ્યા તું વા'ય છે;
આ લોકને નવ જાણ તું કે જો પછાડી "હાય" છે. ૪
ખરી સમયની ઉત્તમ પરિક્ષા જેમણે જગમાં કરી;
ધરી તે ધુરંધર નર ઉભા શમશેર લઇ પાણી ભરી.
ભરિ તેજ પુંજથી મૂર્તિઓ સામે ન દગ થાયે જરી;
હરિ કષ્ટ લીધાં ક્રોડ જનનાં ધન્ય એ નર કેશરી. ૫
એ સમય દેવીને સદા તું નમન શાને નવ કરે;
એ સમય દેવીને સદા તું ધ્યાનમાં ક્યમ નવ ધરે.
એ સમય દેવી સર્વદા સંરક્ષસે નિજને કરે;
ઉત્કર્ષને શિખરે તને બેસાડી ત્રય ભયને હરે. ૬
વિધાતણાં આભૂષણ સજવા તું સદા તત્પર રહે;
મિથ્યા તું ઘડી મિથ્યા કરી શિદ દેહને ઝાઝો દહે.
કીર્તિ ભર્યાં છે કાર્ય કરવાં બાકી બહુએ જો લહે;

કીર્તિ ન વાલી શું તને પ્રીય ! આવી આ કાને કહે.

દોહરો.

સમય સાચવી જગતમાં, કામ કરે નિરધાર;
કીર્ત્તિવાસ પ્રસરી રહે, સફળ થાય અવતાર. ૮

અહીં ભ્રંગ દેખો, કહી ભણુ ભણે છે, આહિં બાળકો પાઠ ભાવે-
ભણે છે;
અહીં પદ્મ ખીલ્યાં રૂપાળાં દીસે છે, આહિં બાળ વક્ત્રાબ્જ રૂડાં
હસે છે. ૧
અહીં પંકમાં પુષ્પ ખાશાં પડયાં છે, અહીં બાળકો ધુળમાં કંઈ
રમે છે;
અહીં વાયુથી છોડ નાચે રૂપાળા, અહીં છૂટીમાં નાચતા બાળ
ભાળ્યા. ૨
અહીં છોડવાની દીસે સીદ્ધિ હાર, અહીં બાળકો વર્ગમાં કેરી લાર;
અહીં પુષ્પ સુગંધ ચોપાસ વ્યાપે, અહીં જ્ઞાનનો ગંધ આનંદ
આપે. ૩
અહીં માળી પાણી સિંચે મોગરાને, અહીં પાઠ આપે ગુરૂ છોકરાને,
અહીં આકૃતિઓ રચી પાળ બાંધી, અહીં ભૂમિતિ જો શીખે સર્વ
સાંધી. ૪
અહીં માળી પાલો કરે દુર વાળી, અહીં દે ગુરૂ દુર્ગુણો દુર ટાળી;
નમ્યા છોડને માળી ઉંચા ધરે છે, ગુરૂ બાળને તેજના તેમ દે છે. ૫
અહીં વૃક્ષ મોટાં, રૂડી છાય આપે, અહીં જો ગુરૂ બાળને સહાય
આપે;

અહીં વૃક્ષ ફળવાળાં થઇને નમેછે, અહીં બાળ ગુણવાનૂ થઇને નમેછે. ૬
ઉછેરી કરે વૃક્ષ ફળવાનૂ માળી, ગુરૂજી કરે બાળને બુદ્ધિ શાળી;
અહીં ઔષધી પાકતી રોગ હારી, અહીં બાળકો નીપજે લાભકારી. ૭

ઉપજાતિછંદ.

માળી ગુરૂ બાળક છોડ છાજે; વિદ્યા જળે જ્ઞાન ફળે વિરાજે;
અમે નિહાળો નજરે અગાડી; નિશાળ રૂપેસુ વિશાળ વાડી. ૮

બાળગીત.

રંગીલા ઉમંગી સિપાઈ, નાનડીઆ અમે આ ભાઇ,
પડઘમ ઢમકતાં અમલોક, જોવા મળે થોકે થોક;
માપી માપી ચાલી ચાલ, આપી આપી પાએ તાળ,
બાણુગાં ફુંકીએ ભલીભાત, તુ તુ તુ સુરથી સુર સાત ૧
રંગીલા ઉમંગી સિપાઇ, શુરા સહુ અમે આ ભાઇ,
ફરરર વાવટા ફડકે, ઉછળે હૈયું અમ હરખે,
લટકાવીજ **ભભકા ભેર**, કમ્મર ચળકતી સમશેર,
તે ચમકાવી આવાર, લઢવાને અમે તૈયાર. ૨
રંગીલા ઉમંગી સિપાઈ, સાચા સહુ અમે આ ભાઇ,
તાકી ચોંટ બંદુક **ચટ**, ફોડીએ ફડા ફડ ફટ,
જશના ચાંદ રૂડી રીત, મેળવીએ અમે કરી જીત;
ને વશાએ સદા સુખ માંહી, રંગીલા ઉમંગી સિપાઇ. ૩

સવૈયા એકત્રીસા.

આજ દીઠો વીર ક્ષેત્ર વિશે, એ કુળ દીપક જે મહામતી માન,
શાણુપણાથી કરે સજ્જનનું, તેઉ શિયાજી નૃપ સન્માન;

રાજકાજ વિચાર વિષે છે, ચિત્ત જેમનું આઠે જામ,
ધન્ય ધન્ય શુરવીર સયાજી, રાજી કર્યું આ રાજ્ય તમામ. ૧
રાજ મળે સુખસાજ મળે પણ, કઠીણ થવુંછે થયું ઉદાર,
પુન્ય હોય જો પુર્વ જન્મનું, તોજ સુજે કરવા ઉપકાર;
ઉદારતા નિજ ઉરમાં લઈને, કીધાં જેમણે ઉત્તમ કામ,
ધન્ય ધન્ય શુરવીર સયાજી, રાજી કર્યું આ રાજ્ય તમામ. ૨
વાહ વાહ સૌ વસ્તી દે છે, વસુમતિ પતિનાં કરી વખાણ,
જેની સખાવત આ દુનિયામાં, જન અંતરથી છે ન અજાણ;
શાણપણું શણગાર ગુણનો, હાર ધર્યો છે હૈયે હામ
ધન્ય ધન્ય શુરવીર સયાજી, રાજી કર્યું આ રાજ્ય તમામ. ૩
સર્વ પ્રસંગે પ્રકાશીત કીધા, અંગ ધરીને અતિ ઉમંગ,
લાયક થઇને લાયકી લીધી, રાખ્યો રાજ્ય તણો સહુ રંગ;
યાવત્ ચંદ્ર દિવાકર રહેશે, એહ નૃપનું નિરમળ નામ,
ધન્ય ધન્ય શુરવીર સયાજી, રાજી કર્યું આ રાજ્ય તમામ. ૪
ગુજરાતી કવિતાનો જેણે, જરૂર કર્યો સારો સત્કાર,
જેથી કરી નીજ હૃદય રાજી છે, રસીક રાગનાં નરને નાર;
જેના રાજ્ય વિશે બંધાયાં, ધર્મ તણાં ઉપયોગી ધામ,
ધન્ય ધન્ય શુરવીર સયાજી, રાજી કર્યું આ રાજ્ય તમામ. ૫

કેળવણી ખાતાના અધિકારીની નિશાળમાં પધરામણી.

ભુજંગીછંદ.

ઉગ્યો ઉર આનંદનો અર્ક આજે, પ્રભુ રીઝીયા કામની સિદ્ધિ કાજે;
દીસે માનીએ આજ મારે દીવાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૧
બહુ સ્નેહથી રે, ભણે બાળ બાળા, રૂડા ગાયછે રાસડારે રૂપાળા;
ખરે જ્ઞાન આનંદનો ખેલ ભાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૨
વદે વાન વિદ્યાતણી વારવારે, ભલા લાભની એજછે ભાઇ ભારે;
રૂડી બોલી જેની એવીરે રસાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૩
ગુણો જેહના ગામ ગામોજ ગાજે, રૂડાં કિર્તિનાં આજ વાજીંત્ર વાજે;
દિશે દિલની આજ વૃતિ દયાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૪
સદા જેમણે શાળાખાતાં ઉઘાડ્યાં, જરૂરે ઘણાં ફંડ જેણે જમાડ્યાં.
ગુણો વેટમાં રાખીએ શુભ ભાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૫
સદા શોભતા શાંત કેરે સ્વભાવે, અતિ દુઃખ સુખે દીસે તો ન આવે;
ભલી ધર્મમાં વૃતી જેનીજ ભાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૬
કદા કામ ક્રોધે નહિ ચોંટી કાયા, મહા મોહની રાખી જેણે ન માયા;
અરે લોભરે ક્ષોભ દીધા ઉછાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૭
વદે અમૃતોના રૂપે આજ વાણી, વડી વિદ્વતા જેહની લો વખાણી;
પુરાં પાંચસો ખાયછે પુન્યશાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૮
પ્રભૂ કીર્તી એની સદાકાળ પાખો, રૂદેમાં રસીલા ગુણો આજ રાખો;
તમે સાંભળી કીર્તી આપ ભાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૯

સદા શારજી સત્વ ગુણો ગણે છે, લહીઓ પ્રભુ પાસ જેથી ભણે છે;
વળી વારતા એવી છે રસાળી, ભલે આવીયા ઉપરી ભાગ્યશાળી. ૧૦

ચોપઈ છંદ.

શીયાળે ઠંડીનું જોર, ટાઢ વાય પણ ફરતા ચોર
ગ્રીષ્મ આવી ઉતારે ઝેર, શેરને માથે સવાશેર. ૧
ગ્રીષ્મ ગભરાવે નરને નાર, તડકા ભડકા વારંવાર;
ઇંદ્ર આવીને કરતો મહેર, શેરને માથે સવાશેર. ૨
મુશક સમીપ મીનીનું અભિમાન, મીની મરે મળતામાં શ્વાન;
મગર શ્વાન તણો ચોમેર, શેરને માથે સવાશેર. ૩
ચકલીને કીડી આહાર, કાકા ખોળે ચકલાં સાર;
કાકા બાજ મલ્યાનું વેર, શેરને માથે સવાશેર. ૪
રવિ ઉગે અંધારૂં જાય, મહિમા તેનો સૌ જગ ગાય;
ગ્રહણ થતાં પ્રકાશની દેર, શેરને માથે સવાશેર. ૫
નક્ષેત્રો ચળકે આકાશ, ચંદ્ર તેજમાં ઝાંખો ભાસ;
રવિ દિશે જેમ મૃગમાં શેર, શેરને માથે સવાશેર. ૬
જબર આવ્યો પેલો બળવાન, સીથીલ ગાત્રે ભૂલે ભાન;
પણ કરીઆતુ કરતો કેર, શેરને માથે સવાશેર. ૭
સુરત પછી જો મુંબઈ જોય, મુંબઇ થકી લંડન જઇ મોય;
લંડન પારિસ જોતાં ઝેર, શેરને માથે સવાશેર. ૮
દ્દષ્ટાંતો દેખો નીત નીત, પણ અક્કલ નહિ ઉંધી રીત;
ભારે રોગ ભુંડુ અભિમાન, જ્ઞાન ઔષધ મળે ભગવાન. ૯

(મોસાળુ મોઘા મુલનું રાગ.)

ધોળ.

અમે ઇશ્વર પાસે માગીએ, માનવંત પતિ મહારાજ; સયાજી ઘણું જીવો ૧
એમના ભયને પ્રભુજી ભાગીએ, એમનું તપજો અચળ આ રાજ સયાજી૨
કુળદીપક ગાયકવાડના, રહો અમર જુગોજુગ નામ, સયાજી. ૩
એછે વહાલા પ્રજા વિદ્દ્વાનના, ચાલો સત્કીર્તિ ગામે ગામ, સયાજી. ૪
વધી અમર વેલી પ્રસરે ખરી, તેમ વધજો બહોળો પરિવાર, સયાજી ૫
શત્રુની સત્તા દેખી ડરી, થાજો સદ્દગુણી ઘર સંસાર, સયાજી. ૬
એમના મનના મનોરથ સિદ્ધ થયે, ભરજો ભંડારી દેવભંડાર, સયાજી૭
સદા શરીર નિરોગી ભલું હજો, રહો આરોગ્ય ઘરપરીવાર, સયાજી. ૮
એમનો અમલ બધે જુગ જામજો, બળ તેજ વધોની વિશેષ, સયાજી. ૯
આખા રાજ્યમાં સંપ વિદ્યા સજો, રહો દુ:ખના દીલ લવલેશ, સયાજી ૧૦
હરીચંદ્રના સમ સત્ય પાળવા, થાજો ચોગણી હૈયે હામ, સયાજી. ૧૧
ધર્મસમ સદ્ ધર્મથી ચાલવા, થાજો હૃદયે દયાનો વિશ્રામ, સયાજી. ૧૨
ઘણું રૈયતને સુખ આપીયું, આપી વિદ્યા કર્યા હુંશીયાર, સયાજી. ૧૩
બહુ દુ:ખીઆતણુ દુ:ખ કાપીયું, એવા કૃત્યમાં રહો સદા પ્યાર. સયા૨૧૪
એમનો સદગુણી રાજ સમાજછે, વિદ્વાનનું રાખતા માન, સયાજી. ૧૫
જટાશંકર જય થવા ઇચ્છેછે, દેછે આશિષ કરીશું ભગવાન સયાજી. ૧૬

કન્યાશાળામાં ગવાતી ગરબીઓ.

(ગરબી).

સારૂં સારૂં સુધાર્યું રાજ, સયાજીરાવ મહારાજા;
બહુ ગુણીયલ ગુણના ઝાઝ, સયાજીરાવ મહારાજા. સારૂ સારૂં (ટેક)

વય હજો વરસ હજારની, તે લક્ષણ બત્રીસરે;
પરાક્રમે પુરા રૂપે રૂડા, ગાદીપતી છો ઇશ. સયાજી ૧
કર્તાએ કરૂણા કરીરે, આ સમેતો અનુંપમરે,
નૃપ બીરાજ્યા નૌતમ આતો, ભૂપતણા છો ભૂપ. સયાજી ૨
સહુ રાજ્યથી શિરોમણી, વડોદરા વિખ્યાતરે,
ગુર્જરપતિ બહુ જબરી ગાદી, વિલાયત સુધી પ્રખ્યાત. સયાજી ૩
ખુશી થઈ સહુ ખંડણી આપે, જબરૂ રાજ્ય જરૂરરે,
ઘણા પ્રતાપી વિધા વ્યાપી, ભૂપ વિધા ભરપુર. સયાજી ૪
સકળ કળા સંપૂર્ણ શિખ્યા, ન મળે કંઇજ ક્યાસરે,
રાજનીતિ રૂડી રીતે જાણો, પુરણ બુદ્ધિ પ્રકાસ. સયાજી ૫
દાન વડું વિધા દેવાનું, બીજું ન એવું કાજરે,
બાળકીઓ સૌ આશિષ આપે, રહેજો જુગો જુગરાજ. સયાજી ૬
ભણતું શીખતું ને ભરતનું, શીક્ષણ નીતિ સારરે,
કેળવણીમાં બાકી નહીં, એવા અમર તપો સરદાર. સયાજી ૭
ગજ કુંભ સ્થળ પર ઉપરે, અંબાડી હીરા જડીત્રરે.
તારામાં ચંદ્ર શોભી રહે, તેવા શોભો શિયાજી પવિત્ર. સયાજી ૮
ગાદી ઉપર પધાર્યા શોભો, જગમાં જય જયકારરે,
પ્રજા તો પુરણ સુખ પામે, વંદુ વારંવાર. સયાજી ૯
નીતિ લાયક અવિચળ દાયક, અદલ કરો ઇનસાફરે.
દુર્બળને દુરીજન નવ દુભે, ગુનો ન કોઇમાં માફ. સયાજી ૧૦
પુત્ર પરીવાર વધો બહું, રીદ્ધ શિદ્ધ અને ભંડારરે,
પ્રભુપાસે એજ માગીએ, નમન કરી વારંવાર. સયાજી ૧૧

શાર્દુલ.

ગાયે ગીત કુમારીકા નૃપતિનાં, આનંદ આણી અતિ,
વાગે વાદ્ય ધ્વની મધુર સુણતાં, પ્રેમાર્દ્ર થાયે મતી,
શોભે મારગ સીંચિયા જળથકી, ઉડે પતાકા દિસે,
જાણે ઇંદ્ર સ્વારિ આવિ, હમણા શ્રીમંતસયાજી મિષે

સીતાનો માંડવો.

રામ સાથે સીતા પરણાવતાં, રાજા જનકે મંડપ બાંધ્યો સાર
શોભાનો નહીં પાર, મંડપમાં નહિ મણા. ૧
રોપ્યા કદળીતણા સ્થંભ માંડવે, આપી અધિક અનુપ આકા
શોભા કીધી સાર, મંડપમાં નહિ મણા ૨
રંગમંડપ રળીયામણો રાજ તો, લીલા પીળા રંગેથી રંગેલ.
ચારૂ ચીતરેલ મંડપમાં નહિ મણા. ૩
હય હાથીને રૂડાં વાંદરાં. ખાંતે કરતાં મંડપમાંહી ખેલ.
ગોરાં રીંછ ગેલ, મંડપમાં નહિ મણા. ૪
ચારૂ ચંદરવા ઊંચે ચોડીઆ, ખાસાં ખાપનાં ભરત ભરેલ.
જોવાને કરેલ, મંડપમાં નહિ ગણા ૫
તારા મંડળમાં તેજ જેમ તગતગે, તેમ ચકચકે ચંદરવાય,
ઝાઝાં ઝલકાય, મંડપમાં નહિ મણા, ૬
મોર મેનાં પોપટ, બેઠાં પાંજરે, મીઠાં મનહર બોલતાં બોલ
સુસ્વર અતિ સોર, મંડપમાં નહિ મણા. ૭
ગોરી ગાતી મંડપમાંહી ગીતડાં, પ્યારા લાગે કોયલ સમ બોલ.
તેનો નહિ તોલ, મંડપમાં નહિ મણા. ૮

દીપે ચિત્ર ચીતારાએ ચીતર્યાં, ચારૂ ચતુરંગી રાયનું સેન,
અધિક સોભા ખેલ, મંડપમાં નહિ મણા. ૯
નાચે રંગમાં નારદ નાયકા, નૃત્ય કરતાં નચાવતી નેણ,
મધુરાં એનાં વેણ, મંડપમાં નહિ મણા. ૧૦

સંપૂર્ણ.

શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકાર પધારે તે વખતે ગાવાનો છંદ.

રૂચિરા.

ધન સાલ ધન માસ તિથિ ધન, ધન ઘડી આજની કા'વે.
પધારિયા મહારાજ સિયાજીરાવ, બધા નીરખે ભાવે;
સુખી છબી જોઇ સુખ વંતાની, સુખ પ્રજા અંતર લેતી,
ઘણું જીવો મહારાજ સિયાજી, આશિષ એમ પ્રજા દેતી. ટેક. ૧
રંક જનો પામે રત્નો જ્યમ, સુતને માત પિતાજ મળે,
માનવંત મહારાજા નિરખી, શોક અને સંતાપ ટળે;
મહારાજાનું રાજ્ય અમોપર, સદા રહો રૈયત કે'તી. ઘણું. ૨
આનંદ ઉત્સવ આજે જોઇએ, આ પુરને રસ્તા માંહી,
તોરણ લળકે નિશાન ફરકે, વાજે વાજાં વિવિધ અહીં;
ઢોલ દદામા ગરગડે બહુ, તોપ તડાકા તો લેતી; ઘણું ૩
શાળામાં વિદ્યારથી સરવે, વિદ્યા શીખી સુબોધ અહી,
કવિતાઓ ગાયે શ્રીપતીની, ઉમંગ ઉરમાં આણી સહી;
નગ્ર તણી નારી નીરખવા, હાવ ભાવ ધરિને વે'તી ઘણું ૪
બાગ બગીચા અને બંગલા, શોભાવ્યા બહુ દીપ કરી,

હાંડી ઝુંમર તખતા ઝાડાં, ઝળકે ખરી જ્યમ ઇંદ્રપુરી;
એલ તમાસા બને વિશેષે, કોને શોક રહે નરતી. ઘણું ૫
મકાનને દુકાન કચેરી, રંગી ધોળી છે આજે,
સારાં સારાં કપડાં પે'રી, લોક ઉમંગે બહુ રાજે;
કહે જટાશંકર રૈયત સૌ, વીવા' હર્ષ ધરી ફરતી. ઘણું ૬

દોહરો.

સીયાજી મહારાજનું, અમર તપો બળરાજ;
સુખ સંપત્તીમાં રો' સદા, માનવંત મહારાજ ૧

ગરબી.

[અલબેલીરે અંબેમાત જોવાને જઈએ. એ રાગ.]

ધણું જીવો સયાજી રાવ, સુખ સઉને કરતા,
ગુર્જર પતિ શ્રી મહારાજ, દુઃખ દીનનું હરતા ટેક.
વડોદરા છે રાજ્ય નગર જ્યાં, રાજ્યગાદી શુભ સ્થિર તારે;
ઈંદ્રપુરીનું ઈંદ્રાસન તેની શોભા સૌ હરતા. સુખ ૧
સહન કરી કષ્ટો સરવે એ, સગુણ શરીરે ધરતારે;
દગાબાજ દુષ્ટો દુર્ગુણીજન, દીલ વિષે રહે ડરતા. સુખ. ૨
સ્વરાજની રૈયત સુધરવા, હાંસે હીંમત ધરતારે;
વરસે જ્યમ વરસાદ વૃષામાં, સઘળાંને સુખ કરતા. સુખ. ૩
અરૂણ ઉદયથી તિમિર ટળીને, ઘુડ ચોર છુપિ ફરતારે;
તેમ દુર્ગુણી શત્રુ સરવે, નામ સુણી ઓ સરતા. સુખ. ૪
ગાયકવાડો મહી પ્રથમ જે, રૂશવત ચોરી કરતારે;
ગરીબ જનોની ગાંઠ છોડાવે, તે સરવે થર થરતા. સુખ. ૫

પુષ્પ તણી પ્રીમળ પ્રસરે ત્યમ, સદ્ગુણી પ્રસરતારે;
રહો અમર એવા ગુણ દીલમાં, એમ ગુણી ઉચ્ચરતા. સુખ. ૬
ચંદ્ર કળાથી ચાર ગણી વધી, હુન્નર કરજો તરતારે;
બત્રાશ લક્ષણ લહો શરીરે, વધો વિશેશ ચતુરતા. સુખ. ૭
રાજ્ય પ્રજા સુખને સંપેથી, રહેવા ઇચ્છા ધરતારે;
કહે જટાશંકર રહો રોજે, નૃપના દુર્ગુણ ખરતા. સુખ. ૮

શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકાર શાળામાં પધારે તે વખતે ગાવાની ગરબી.

[રઘુપતિ રામ રૂદેમાં રેજોરે.]

શ્રીમંત સરકાર સયાજી પધાર્યારે, સૌના મનના મનોરથ સાર્યા,
શ્રીમંત સરકાર સયાજી પધાર્યારે. ટેક
આજે સોનાના સૂરજ ઉગ્યારે, આજે મોતીડે મેહુલા વુઠયારે,
સૌ તીર્થના દેવતા ત્રુઠયા. શ્રીમંત સરકાર. ૧
આજે આનંદ ઉરમાં ન માયરે, જેના ગુણ કવિજનો ગાયરે,
બહુ આનંદ ઉત્સવ થાય. શ્રીમંત સરકાર. ૨
આજે નિરધન પામ્યા ધનરે, દુઃખીને આવ્યા સુખના દિનરે,
જોઈ રાય સંતોષ્યું મંન. શ્રીમંત સરકાર. ૩
ધન સાલ તિથિ ધન માસરે, થયા શ્રીપતિ પૂર્ણ પ્રકાશરે,
આજે શોભ્યા અમારા વાસ. શ્રીમંત સરકાર. ૪
વિદ્યાવંત કળામાં પૂરારે, એકુ હુનરમાં ન અધુરારે,
શૂરાતન પણે દીસોછો શૂરા. શ્રીમંત સરકાર. ૫
ગામે ગામ શાળાઓ સ્થાપીરે, બાળ બાળકીને બોધ આપીરે.

વે'મ અજ્ઞાનતા દુઃખ નાખ્યાં કાપી. શ્રીમંત સરકાર. ૬
કળા હુન્નરે કરી હુંશિયારને, પ્રજાપર ઘણો દર્શાવો પ્યારરે,
આપો રંક પ્રજાને આધાર. શ્રીમંત સરકાર. ૭
પ્રજા સુખ પામી આશીષ દેછેરે, રાજ્ય અમર તપો એમ કે'છેરે,
જટાશંકર સ્તુતિ લહેછે. શ્રીમંત સરકાર. ૮

ભુજંગી છંદ.

ભણાવો ગણાવો તમે બાળકોને, કરો દેખતાં ઠોઠ રાખો ન કોને;
ભણેલુ ગણેલું ઘણું માન પામે, તથા તે કૃતે પામશે સર્વ કામે. ૧
વળી છેતરે ના છળે કોઇ એને, ટળે તાપ તેના મળે સુખ તેને;
વિચારે વધેને સુધારે ચઢેતે, કુધારા તજે ના નકામું લઢેતે. ૨
ખરૂં સુખ વિદ્યા વડે સાંપડે છે, અવિદ્યાવડે પ્રાણી નીચાં પડેછે;
નિશાળોતણો લાભ સૌ કોઇ લેજો, સયાજી રહો સુખી આશીષ દેજો. ૩

સીતા સ્વયંવર વિષે.

ધોળ.

સીતા સ્વયંવર મચીઓરે, રાએ મંડપ રચિયો. ટેક.
જનક પાસે ઉભાં જાનકી આવી, ધનુષને પુષ્પ વધાવીરે, રાએ મંડપ રચિયો ૧
રૂપ નીહાળ્યું અનોપમ કન્યા, રાએ લીધીછે પ્રતિજ્ઞારે. રાએ. ૨
તેડાવ્યા ભૂપતિ સકળ દેશકેરા, આવીને દીધાછે ડેરા. રે, રાએ ૩
ઇન્દ્ર નર આવ્યા ઇન્દ્રને રૂપે, ધનુષ ના ચઢ્યુ શૂર ભૂપે રે, રાએ. ૪
વાસુકી આવ્યા અનોપમ રૂપે, ધનુષ ના ચઢ્યું શીશ ભૂપે રે, રાએ. ૫
દશ દીકપાળનાં લાગનાં લાગ્યો, સર્વેતણો ગર્વ ભાગ્યો રે, રાએ. ૬
ઉઠયો દશાનન ગર્વ ભરાણો, મન થકી હાંસ ભરાણો રે, રાએ. ૭

અટી કટી વારી પારી પર પટી, જોયા છે પાધ સંભાળી રે, રાએ. ૮
ધનુષ તરે કર રીસે ભરાણા, મન થકી હાંસ ભરાણા રે, રાએ. ૯
તમો આવે સ્વામી ધનુષના ભાગે, રવિકુળમાં લાંછન લાગે રે, રાએ. ૧૦
એવું સુણી લક્ષમણ ક્રોધે ભરાણા, મન થકી હાંશ ભરાણા રે, રાએ. ૧૧
ફરશુરામે પૃથ્વીનક્ષત્રી કીધી, વીર કળા હરી લીધી રે, રાએ. ૧૨
વીર તમે મુને આગના દીજે, મહીપતિ નામના લીજે રે, રાએ. ૧૩
કહોતો બ્રહ્માંડને પાડુ એ પાડુ, નવ લાગી અગ્નિ ઉડાડુરે, રાએ. ૧૪
સાત સાગર કહોતો સામટા ભેદુ, આભના તારા ઉશેદુરે. રાએ. ૧૫
એવુંશુણી લક્ષ્મણવાળ્યા રઘુનાથે, આપણછીએ ગુરૂનીસાથેરે. રાએ ૧૬
કહ્યા વિના કશુ કામ ન થાય, શેવા તણું પણ જાયરે, રાએ મંડપ ૧૭
એવું શુણી ગુરૂજી બોલ્યા છે મુખથી, ધનુષ ચઢાવો સુંખેથીરે. રાએ. ૧૮
એવુંશુણીબ્રહ્માબોલ્યાછેમુખીઆ, આપછો સમરથ સુખીઆરે. રાએ. ૧૯
ગુરૂનાં વચન શુણી રામજ કર્ણું, ઉઠીને લાગ્યા છે ચરણે રે રાએ ૨૦
જઇને ધનુષ ઉપાડ્યુ મારારે, પુષ્પ સરખુ લાગ્યું ભારેરે રાએ. ૨૧
ધનુષ ભાગ્યું ને થયા ત્રણ કડકા, આભ લગી જઇ અડકારે રાએ. ૨૨
સાત પાતાળનો પનંગ ખડકયો, ભુમી તણો તૂરી ભડકયોરે, રાએ. ૨૩
ધનુષ ભાગ્યું ને થયો જયજયકાર, આરોપી વરમાળરે, રાએ. ૨૪
રામ રઘુવરને આરોપી માળા, પરણ્યા છે જનક બાળારે. રાએ. ૨૫
જાનકી પરણ્યાંને થયો જય જયકાર, આરોગ્યો કંસારરે રાએ. ૨૬
કોઈ ભૂપતિ કહે આપણ એમ કરીએ, જાનકી ઝુંટાઇ વરીએરે. રાએ. ૨૭
એવું શુણી લક્ષ્મણ ક્રોધે ભરાણા, ધનુષ ચઢાવ્યું છે રીસેરે, રાએ. ૨૮
કોઇએ જનક શીખ માગી ન માગી, કોઇરે જનકપુરી ત્યાગીરેરાએ. ૨૯
સીતા સ્વયંવર જે કોઇ ગાશે, વૈમાન બેસી વૈકુંઠ જાશેરે, રાએ. ૩૦

રામના નામને જાતું છે વારી, તુલશીદાસ બલિહારીરે રાએ. ૩૧

ગરબી.

માલણ ગુંથી લાવ્ય ગુણીએલ ગજરો,
તારા ગજરાનો માનીશું મજરો. (ટેક) ૧
તારા ગજરાનું આપીશું મુલ, માંહે ગુંથ જે ગુલાબનાં ફુલ,
જે તુ કહીસતે કરીશું કબુલ, માલણ. ૨
જેવી હોય તારી ચતુરાઈ, તેવી કરજે તેની સરસાઈ,
કાંઈ બાકી ન રાખીસ બાઈ. માલણ. ૩
એવી કરજે કારીગરી એમાં, જુક્તિ હોય જોવા જેવી જેમાં,
મોહ પામે મુનિવર તેમાં, માલણ. ૪
વર લાડકડાનેરે કાજે, એવો ગુંથજે ગજરો તું આજે,
જેવો છત્રપતિનેરે છાજે, માલણ. ૫
એમાં જુક્તિ જોવા જોગ જાણી, જુવે અંગમાં ઉમંગ આણી,
રીઝે રાજાને વળી રાણી, માલણ. ૬
તને આપીસ હીરાનો હાર, વળી સોળ સારા શણગાર,
ઉપર હેમની મહોર હજાર, માલણ. ૭
કવિતાની કિંમત ઉર આણે, એજ ગજરાનું મુલ પ્રમાણે,
દાખે દલપત બીજું શું જાણે. માલણ. ૮

ભાષણની ગરબી.

બહુ ઉપકારી હું થઈરે, સૌએ કીધી મહેર;
ભાષણ મારૂં સાંભળ્યુંરે, મન દેઈને રૂડી પેર. સાહેલી વહેલાં આવજો. ૧
જે જે આજે સાંભળ્યું, તે પર દેશો ધ્યાન,

થાય સુધારો આપણોરે, તો તો નિશ્ચય પામીએ માન. સાહેલી. ૨
દુર્ગુણ તજવા દીલથીરે, સદ્‌ગુણ સજવા સાર,
સારી સોબતથી શોભશુંરે, નહિ નિંદે આ જગમાં લગાર. સાહેલી. ૩
ફરી કો વેલા પધારસોરે, કરીશું વાતો આમ,
ગુણ માનીશું આપણોરે, તેમાં ભુલ ન જાણતાં નામ. સાહેલી. ૪
હવે રજા લઇ ચાલશુંરે, રહેજો કુશળ ક્ષેમ,
ભાવ હશે તો ભેટશુંરે, આપ રૂદીઆમાં રાખજો પ્રેમ, સાહેલી. ૫
પ્રણામ મારા સર્વનેરે, સર્વ પધારો ઘેર,
પાડ માની પ્રભુ તણોરે, નિત્ય કરજો લીલા લેહેર. સાહેલી. ૬
પૈસાની ઇચ્છા નથીરે, મુજ મન માંહી લેશ,
ઇચ્છા મનથકી એટલીરે, સેહેજે પહોંચે સુધારો હમેશ. સાહેલી. ૭

સયાજીરાવની ગરબી.

ધન્ય ધન્યરે શયાજીરાવ, શી કહું બલીહારી, (ટેક)
દિલછે મોટું દરિયાવ, સુણજો નરનારી,
નજરબાગમાં નજરે નીરખી, હૈઉં અતિ હરખાયરે,
ભૂમિમાં ગુણ એવા ભાળ્યા, મૂલ ન જાય ગણાય, શી કહું બલીહારી. ૧
પાકી વયના અનુભવિના, જે ગુણ સહેજન આવેરે,
અનેક એવા ગુણ સ્વભાવિક, સૌને મોહ ઉપજાવે. શી કહું બલીહારી. ૨
તરૂણ વયમાં વિસાળ બુદ્ધિ, વિચાર ખુબ ઠરેલારે,
જગકર્ત્તાએ ખપ જાણીને, રાખી ખોટ ભરેલા. શી કહું. ૩
દિન જનોની દાઝ ધરતા, ધર્મ ધુરંધર ધીરરે.
બત્રીસ લક્ષણ સોભે પુરાં, પુર પતિ પાવન વીર. શી કહું. ૪

પ્રજાતણું પ્રતિ પાલણ કરતા, પુર્ણ ધરીને પ્રેમરે,
પ્રતિદીન રાજ્ય કળા ચઢતી, રહી આશિશ દેસો એમ. શી કહુ. ૫
કુંવર જન્મથી પુરમાં સૌને, હૈડે હરખ ન માયરે,
ઘેર ઘેર ઓછવ ઉમંગ વાધ્યો, માનુંની મંગળ ગાય. શી કહુ. ૬
ચીમનાં બાઈ ચતુર ઘણાં છે, વિધા સદગુણ ભરીએરે,
પુન્ય પ્રતાપે થયા યોગ વર, છત્રપતિને વરીયાં, શીકહુ. ૭
સંપતરાવ, આનંદરાવજી, યોગ્ય ભ્રાત એ વીરરે,
ભેદ રહીત મંન સર્વે ભાંડુનાં, જુદાં માત્ર શરીર. શીકહુ. ૮
લાયક બહુ છે સાહેબ પોતે, કેળવણીમાં સહાય કાયરે,
મુળ જ્વાહીર ઓષ ખામતાં, નૃપની પન્યા ફળદાય. શીકહુ. ૯
પ્રજા વિશે નહિ ગર્વ ભેદને, સૌ જન સુખી તમામરે,
ભણે વિજ્ય વાણીએ રહેણી, દાખી અવીચળ નામ. શી કહુ બલીહારી. ૧૦

સયાજીરાવ મહારાજની ગરબી.

પ્રભુ માગીએ મંનથકી એટલું, તમે કરોને અમપર મેહેર,
દેખાય લીલા લેહેર, સયાજી અખંડ રહો. ટેક.
જેના રાજ્યમાં સૌ સુખીયાં વસે, તેમાં મુખ્ય વડોદરૂં શેહેર,
નરસૈંજીની મેહેર, સયાજી અખંડ રહો.
વારૂ કેળવણીના કામમાં,
જુવો કેટલી રાખેછે હામ, તેનાં કહું કામ. સયાજી.
દીનબંદુ દયાનિધી આપજો,
એના ભંડારમાં વધે દામ, રૈયતને કામ. સયાજી.
ભણી પાદરામાં શોભા ભલી.

કન્યાશાળાય, ભણુવા જાય, સયાજી.
આ સ્કુલથી અમે સુખીઆં થયાં,
વળી દુઃખથી ન કોઈ પીડાય, રાજાનો મહિમાય. સયાજી.
રીતેભાતે હવે અમે શીખીએ
એથી કરીશું હવે કાંઇ કામ, મંન રાખીને હામ. સયાજી.
કહે દલપત બેઉ કર જોડીને,
જેથી આપો અવિચળ ધામ, તેથી સુખી થાય તમામ, સયાજી અખંડ
રહો.

સુંદર મહારાજા શિયાજીરાવ વિષે.

વિક્રમ સરખા પરાક્રમીને કીસરા સરખાં આદીલરાય
કિર્તિજન મળમાં પ્રસરી થયું રામતું રાજમનાથ
ઘડી ઘડીને પળ પળ નિશદીન પ્રજા ઉપર રાખે લાડ
અચળ રહો અમ ઉપર રાજા શ્રી સયાજી ગાયકવાડ ૧
મુગલ ખોર લુચ્ચાને ઠગારા, દગલબાજ સૌ પામ્યા નાશ
અકબર સરખી રાજનીતિ છે નથી હવે વેરાનો ત્રાસ.
સાડી વેરાને કંઠી વેરાની નથી હવે સંભળાતી રાડ.
અચળ રહો અમ ઉપર રાજા શ્રી સયાજી. ૨
કહાં વરિષ્ટને મુનસફ કોરટ કહાં જડજ કોરટ સારી.
કહાં હતુ આ જંગલખાતુ કહાં હતી આ આબકારી
કહાં હતુ ઓડીટ કંન્ટીજંટ કેળવણીનાં સુંદર ઝાડ
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી, સયાજી ૩
ઘણું રૂપ્ર પલટણુને રીસાલા, બાડી ગાર્ડનાં બાંકા સવાર
કાળા ગોરા આવા શુરા કહાં હતા પહેલા સરદાર.

લૂટ ધાડનો ભય નવ રાખી, પ્રજા ઊંઘે ખુલ્લે કમાડ
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી. ૪
રાય ઘણા સતવાદી શૂરા, રાય ઘણા શાણા છો આપ.
સ્ટાર ઓફઈંડીઆનો રાણીએ, અતિ ઉત્તમ આપ્યો ઇલકાબ
ફીમેલ ટ્રેનિંગ કોલેજ નિશાળો, કન્યાશાળા કરી અપાર
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી. ૫
શૂરાશયાજી શાણા રાજા, અચળ રહો આબાદ રહો
શોક કષ્ટને ચિંતા મનની, એ સર્વ તું ઇષ્ટ મટાડ
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી, શયાજી ગાયકવાડ ૬

સભા બરખાસ્તે ગાવાની

દિવસતો આજનો, અતિ હર્ષનો અપાર
મહારાજ સયાજીરાવ થયા, તખતપર સ્વાર. દિવસ૦ ૧
કેળવણી કામમાં છે દીલોજાનથી ફીદા;
રાખ્યાછે ઢુંડી ઢાંડી સારદાર નામદાર. દિવસ૦ ૨
તારીફ તેમની શું કહું વિખ્યાત છે જહાં
મશહુર છે જહાનમાં જાણેછે નરને નાર. દિવસ૦ ૩
ઉર્દુ–ગૂજરાતી મરાઠીને ઈંગ્રેજી તમામ
શિક્ષણ આપતાં તે અતિ હર્ષથી ઉદાર. દિવસ૦ ૪
આવુંતો કોઇ રાજમાં મળ્યું ને મળશે સુખ
સ્વપનામાંતો હમોને નથી આવતું લગાર. દિવસ૦ ૫
પરિક્ષા ઈનામ તણો આજ સમારંભ
જોવાને સદ્‌ગ્રહસ્થો, પધાર્યાછે, નામદાર. દિવસ૦ ૬

તમુદી હમોએ આપી, તેની, માફી માગીએ
હમ બાળકોની આજ, અરજ સુણીલો લગાર. દિવસ૦ ૭
મહારાજ આપણા તણા, હકુમાં કહો દુઆ
કહો સઘળા દીલથી હમેશાંથી, આજ જય જયકાર. દિવસ૦ ૮
પરમેશ્વર આ વિનતિ હમારી તું શુણી લે
જુગ જુગ હમેશાં આપ જીવો, રાજ નાગદાર. દિવસ૦ ૯

ईश्वर स्तुति.

शिव तांडव स्तोत्रम्.

जटा कटा हसंभ्रम भ्रम मत्नि लिंप निर्झरी विलोल वीचि वल्लरी बिराजमान मूर्धनि। धगद्ध गज्जत्र ल्लुलाट पट्ट पावके किशोर चंद्र शेखरे रतिः मतिक्षणं मम ॥ १ ॥ धरा धरेंद्र नांदिनि विलास बंधु बंदुर स्फुर दगंत संताति प्रमोद मान मानसो कृपा कटाक्ष धोरणी निरुद्ध दुर्धरापीद कचचिच्चिर बरे मनो विनोदे मेतु यस्तुनिं ॥ २ ॥ जटा भुजंग पिगंल स्फुरत्कणा मणि प्रभा कदंबकुं कुंमद्र वप्रालि सदि ग्वधू सुखे। मदांद सिंधुर स्फुरत्त्वत्तरी थवेदु मनो विनोदम दतं बिभर्तु भूत भरतरी ॥ ३ ॥

ઝુલણા છંદ.

અખિલ બ્રહ્માંના નાથને નિત્ય હું, પ્રેમ ભક્તિથકી પાય લાગું,

દુર્મતિ ટાળ સન્મતિ સદા આપશો એજ વરદાન ભગવાન માગું.
વિષય મોહાબ્ધિમાં મગન અતિશય હુંછું અંતમાં શી ગતિ નાથ થાશે.
પ્રભુ કૃપા જો હશે તોજ ભવ બંધનથી મુક્તિ માર્ગે જવાશે.
નિંદ્ય નિષ્ઠુર પ્યાધો કૃત્ય મેં અતિ ઘણાં નાથ કરવાં ક્ષમા હાથ તારે,
દીન વત્સલ દયાનીધિ નિજ દાસનો વિપત્તિ ભય સંકટો તું નિવારે.
શરણ છું મરણ પ્રત પ્રણમી પ્રણા પ્રકરૂં સ્મરણ હૃદયે નિત્ય તરૂં
વિપત્તિ ચિતે ધરો પ્રભુ પરહરો પ્રેમથી સાંભળો સ્તવન મારૂં.

ગીતિ.

પરમાત્મા પરમેશા પ્રણી પ્રત પૂર્વક પ્રણાગ કરૂં નિત્યે,
આપો દાન અભય મુજ દુસ્તર ભવસિંધું તરૂં હું સત્યે.
કરૂણા કર ધંરશો હરશો મુજ સકળ દુઃખ સંતાપ,
પ્રેમલ દૃષ્ટિ થકી પ્રભુ કરશો મુજ રંકનો ક્ષમા પાપ.
નિત્ય નિરંતર દેખો શેવક જનની બંધીકૃતી તાત
નવીન નથી કેવાનું જાણો મૂજ સકળ હૃદયમાં વાત.
શરણ સુખ પ્રદ ગ્રહણ કીધું છે અમેજ ગાંવીશ
વિમૂખ વિભુ નવ કરશો વંદન કરીએ તપે અહોનીશ.
અતિ ઉપકાર તારા ક્ષણુપતિ ક્ષણમાં દિસે દયા સિંધુ
દિન વત્સલ દિન બંધુ તુજ શુભ ચરણે સદા હું અભિવંદુ
શરણ સુખ પ્રદ તારૂ ગ્રહણ કીધું છે અમે જગાધીશ
વિમુખ વિભૂ નવ કરશો વંદન કરીએ તને અહોનિશ

શ્રી મહરાજા પ્રત્યેનાં ગાયન.

રાગ માઢ. (નાટકી)

દિન આનંદકારી આજનો ભારી નિરખ્યા શ્રી ગૂર્જર રાય

જોઈ રૈયત સારી ઉમંગ ધારી પ્રેમ વધારી જોઈ જોઇ હરખાય
ધન્ય દિવસ છે આજનો ધન્ય ઘડી પળવાર
ધન્ય જન્મ ધન્ય જીંદગી આજે નિરખ્યા સયાજી નૃપાળરે. દિન.
મંદ પવનની મધુર લહેરમાં મધુર હરખ પથરાય
તેમ સમાજીક સજ્જન સર્વેને મન હરખ ન માય રે દિન૦
આ સ્થળની અમરાપુર જેવી શોભા વત્તી શું ભયાજ
હોય ઘણા સુખ વૈભવમાં શી બિરાજ્યા જ્યાં મહારાજરે દિન૦
આપ પ્રભુ દીર્ઘાયુષ એવા રાજવીને ધરી પ્યાર
માયના આ જગજીવન કરજે પૂર્ણ આમાવી અપાસે દિન૦

રાગ ઉપર પ્રમાણે.

ભલે ભૂપ પધાર્યા, હર્ષ વધાર્યા, અંગ અમારા, ઉગ્યો સોનાનો ભાણ
અમ કાજ સુધાર્યા, આ ગામ પધાર્યા, અંગ અમારા, ઉગ્યો૦
રાય સયાજી શાણા રાજા પધારિયા આ ગામ
નાના મોટા સર્વે સજ્જન બિરાજ્યા આ ગામ. ભલે૦
શાળાઓ ગામે ગામ કરીને ભલું કીધું ભૂપાળ
પગાર આપી ગુરૂઓ રાખ્યા, ભણાવવા બાળાને બાળરે. ભલે૦
બાળ અને બાળાઓ ભણીને આશિષ દે છે આજ
હે ઇશ્વર તુજ પાસ માગીએ ઘણું જીવો મહારાજરે ભલે૦

ઠુમરી.

નિરખ્યા નજરે ગૂજરાત પતિ ગૂજરાત પતિ ગૂજરાત પતિ જોઇ
આંખલડી થઇ ભાગ્ય વતિ નિરખ્યા
હૃદય સરોજ સયાજી શૂર જોઇ થાય પ્રફુલ્લિત આજ અતિ. નિરખ્યા૦

રતિ રૂપ ભૂપ મણિ સુંદર, જોઇ જોઇને તૃપતિ ન થતી નિરખ્યા૦
નૃપવર વદન ચંદ્ર નિરખી શુભ, નયન ચકોર હરખાય અતિ નિરખ્યા૦
એ નૃપ રાય ચિરંજીવ ઇશ્વર જગજીવન ધાર ઉરે વિનંતિ નિરખ્યા૦

રાગ કલ્યાણ.

જન જણાય સહુ, અતિ હર્ષના ભર્યા
ગૂર્જર પ્રતિ પાળ નૃપ રાયાજી જન૦
આભે વંદન આકરે આપને પ્રભુ સુખ વૃષ્ટ વાજળ
બાળક ગણુ શુભ આશિષ આપે તપો રાજ ચિરકાળ જન૦
થાય સર્વ સ્થળ ધ્વની હર્ષના જય જય શબ્દ અપાર.
પુર નરનારી પુષ્પ વધાવે ધ્વિજ વર મંત્રો રચાન. જન૦
પુર યુવતિ મધુરે સ્વર રૂડાં મંગળતાં ગીત ગાય
ગય ઠામ અતિશે ઉભરાતો શુભ આનંદ જણાય. જન૦.

શ્રી.

ફારસ અંગદ વિષ્ટિમાંથી.

રાગ કવિત.

અંગદ—કહાજાને મૂરખતુ, દશ રથ કે નંદનકુ, સનકાદિક જોગી સે પીરધ્યાન ધર તેહ
પતિકો પાવન એ ખાવાને હલક્કો, ભક્તનકો બચ્છલ કામ કરૂ નાસે કર તેહ શશિ શેષ

શારદજ્યુ નારદ બસિષ્ટઅર ભૂપર જીવાજો નવાકું ભરતપુર ભરતેહં
સામળજ્યુ કે સ્વામી શ્રીપતિનું પખં દેખાંગારે વર ગંભીર ધીરનીર પર-
તર તેહં

રાવણ— ઝુલણા છંદ.

સીત લેતાં ઘણું સમજશો સો વસા, વાટ વાંકી ઘણી વિકટ વાંટા.
બંધુક સૂકાં બળે લક્ષ લાગે નહિ છોહ પથ્થર પડે છેક છાંટા
રેત પીલ્પાયકી તેલ તે ક્યાં થકી અધિક અંતર વિષે આડ આંટા.
રમિને કામ છે સાથ રાવણ તણે ખાવો છે ગુંદ માંહે હોડ કાંટા.

અંગદ— છપય.

અંધ થયો દશ કંધ ધંધા ધારીશું બેઠો.
કુળ અંગારો આપ પાપ રૂપી થઈ પેઠો
દશ છે દારો શીશ દિશ થયા તુજવંકા
બરા થયા ઉક રાંટ લક્ષ લુટાશે લંકા
પુત્ર તારા મોજે થશે વિધવા નાર તારી થસે
સમજ મૂઢ મા મૂરખ મને ચૌદ ચોકડી ચોવટ જશે

રાવણ— ઝુલના છંદ.

શૂર સામદ છે શુભ ટકો હાજરે વાનરો મૂરખો મોજ માસે
પૃછ અહ ફેરવો શીશ પાછળ થકે વખાણના મામની લાણ આસે
કોડ પોંચાડો કર્તૂક એના તણા જીભ કાલીકરી ચિત્ત ચાસે
સેન એનું જુએ તેમ કટકા કરો પેસવા લંકામાં ન કો હામ ધાસે

અંગદ— ઝુલણા છંદ.

સૃષ્ટિ બ્રહ્માતણી સરજીયો કો નથી રામ સેવકતણો મુખ બોસે.

ત્રિલોકના નાથનામસું સેતું એમો તેહ પ્રતાપે તુ કોણ તોલે.
રાવણ રંક જાણી તને ગુંદરે લંક ઉદવસી કરૂં ખાંતે ખોલે
• સામળતણા સ્વામીની રેણું વંદનથકી લેઉં વેચાથી હું માન મોલે.

રાવણ— કવિત.

અર્નવકો નિર આટે કનકકો દુર્ગકોટ ખોટ એક નહીં લંક દેખનેકી જાત્રાં
ઓલ ગકરન ઈંદ્ર અહોનીશ દશ શીરા ભૂજવીશ ઇશ પૂંજ વેકો પાત્રહે.
રામલ કે સદાબેર સાત લાખ પુત્રકોર તેરા ટેક દેખો મેરો પ્રૌઢ ગુનગત્રટે
બાલસૂત બાલકેરે ઉતારૂં અંકાર તેરે મેરે આંગુરામ લક્ષ્મન માન વીકન
માત્રા.

અંગદ— • કવિત.

રઘુવંશી રઘુપત નિર્મળહે જાકિમત સેનાપતિ સુગ્રીવ જેસે જુક્ત જોડ
જોડહેં.
શુભ કે શુભઠા સેંધુ લક્ષ્મન કે બાંધ બંધુ ઇંદ્રપત એજેધાકે બંદી છોડ
છોડહેં.
સેવકકું સાધારન દુષ્ટનકું નિવારન તારકની સમલકોહિત હોડ હોડ હે
પતિ તકો પાપ
નગુનીજન જશ ગાવનરાવન જેસે રામ અંગે રોમ ક્રોરક્રોરટે.

રાવણ— છપય.

દશે શીશ તુજવીશ ઇશનો આધ ઉપાસી.
ધરે છત્ર શિર ચંદ્ર ઈંદ્ર ઘેર ખાસ ખવાસો
વરૂણ ભરે નિત નીર કુંભ કણે અભીતો.
અગ્નિ નિપાવે અન્ન જેણે શકકું જીત્યો

બ્રહ્મા બ્રણોદી વેદ ખેદ કરે નહિ કોઇ.
વિષ્ણુ માને શરમ કરમ જોરાવર હોઇ.
૨૭—પતિ જમરાય વાયુ મુજ મહેલ સમારે.
નવ ગ્રહ કરે સબસેવ દેવ જુદ્ધસે સંહારે.
કહે સામળ સમૃદ્ધ ધણી શરીર લંક ઘેર ગાંમડાં.
રાવણ કહે અંગદ સુણો કોણ માત્ર હે રાંમડાં.
અંગદ—પનિકે આગુ મેહેર આંગુ જપૌ કંકર.
રાય કે આંગુરંક લંક ચાગું જપૌં છપ્પર.
પંડીત આગુલો બેદ અણું જપૌં જોનો.
કુંજર આંગુ કીદ ગીત આ આગુ જપૌં રોતો.
લક્ષમન આગે કુંભ કોપાન આગે જપૌં કગ્ગા.
સિંહ કે આગુશ્વાન હંસ આગુ જપૌં બગ્ગા.
અમૃત આંગુ વિખ જપૌં ઈશ આગુ જપૌં ખાવના.
અંગદ કહે એહી પટંતરે રામકે આગુ રાવના.

ગરબો.

પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે, શોભે રજની સુંદર શી આજ.
હેતે રમીએ સંગાતે સૈયર આપણેરે. (ટેક)
સૈયર કંકણો સોનાનાં કરે ધર્યાંરે, માંહે જડીઆં છે નીલમમણી નંગ.
હેતે રમીએ સંગાતે સૈયર આપણેરે..

સાખી.

મળીઆં આજે આપણે, ધરી સોળ સણગાર,
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એકતાર.

હીરા રત્નથી જડીત ઉર હાર છેરે, મોતી ગુચ્છ લળકેછે બાજુબંધ.
હેતે રમીએ સંગાતે સૈયાર આપણેરે.

અંબોડા ફુલે જડયા, સરસેથે હીંગુળ,
કીધા કુંમકુંમ ચાંદલા, મુક્તામાળા ઉર.

આરસપારસ મણી જડેલો ચોક છેરે, તેમાં રમતાં વરતાં હેયે નણદલવીર.
હેતે રમીએ સંગાતે સૈયર આપણેરે.

પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણુણુ કરે ઝણુકાર,
ફરીએ સૈયર ફુદડી આ **રજની** મોઝાર.

સખી વેલીઓ ફુલી, વિધવિધ ભાતનીરે, એતો આપે છે શી સુંદર સુંગધ.
હેતે રમીએ સંગાતે સૈયર આપણેરે.

કથા શિયળની સાંભળી, પ્રીતમ ઉપર પ્રેમ,
વધો સખી વીરહી થઇ, મળે ત્વરાથી કેમ. પુનમ.

માસ્તર. મણીભાઈ ત્રીભોવનદાસ

સમાપ્ત.

જાહેરખબર.

કવિતા સંગ્રહ—વાંચો, વાંચો, વાંચો. ને ઘરમાંના તથા પાડોસીના અને સ્કુલમાંના વિદ્યાર્થી તથા કન્યાઓને આ નાનકડી—રસીલી—છબીલી—કવિતા સંગ્રહની બુક બે ઘડી વંચાવો અને ઈનામ આપો—આ સરળ બુક સર્વે લોકોના બે ઘડી સુખને માટે ને ખુશ થવા માટે બનાવી છે. તો તેનો લાભ લેશોજ લેશો.

મળવાનું ઠેકાણું—માસ્તર મણિભાઈ ત્રીભોવનદાસ.
બુકસેલર એન્ડ કમિશનર એજન્ટ.
મુ. પાદરા.

આ સિવાય બીજે કોઈ ઠેકાણે મળશે નહિ—અમારી બુક અમને એટલી પ્રિય છે કે જેથી અમો બીજાના કબજામાં સોંપી તેને પૈસા ખવડાવી તેની પાસે વેચાવવાનો હેતુ અમારો નથી. માટેજ અમોએ સર્વે હક સ્વાધિન રાખ્યા છે. માટે અમારી પરવાનગી સિવાય આ બુક છાપશે અથવા છપાવસે તો કાયદેસર ઈલાજ લેવામાં આવસે.

આ બુક જો પહેલેથી તે છેવટ સુધી વંચાય તો હું ધારી શકતો નથી કે તે હાથમાંથી દૂર કરી શકો. પછી મરજી. તા. ૨૦—૭—[illegible]

માસ્તર મણિભાઈ ત્રિભોવનદાસ.
બુકસેલર એન્ડ પબ્લિશર કમિશનર એજન્ટ.
પાદરા.